RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 6
જૂન - 2017
કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

વાવીને વૃક્ષો ધરતીના આંગણામાં, તોરણ હરિયાળા બંધાવીએ
ચાલો ‘સ્વ’ થી ‘સર્વ’ સુધી પહોંચી પર્યાવરણને બચાવીએ....



પાણી ને વાણી સમજીને વાપરીએ,
પાણીથી પૃથ્વીને, વાણીથી વ્યક્તિને સાચવીએ.



# આવો, નવા વિચારો સાથેની નવી પેઢીને જ્ઞાતિમૈયાની સેવામાં જોડીએ....

**જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...**

વ્હાલા રઘુવંશી ભાઈઓ-બહેનો,

જમાનો વિજ્ઞાન અને ટેકનોલોજીનો છે. ઇન્ટરનેટ અને સોશિયલ મિડિયા ટેકનોલોજીએ માહિતી સંચાર (Communication) ને ખૂબ ઝડપી અને સરળ બનાવી દીધો છે. આજે જીવનના દરેક ક્ષેત્રમાં લોકો હાઈ ટી (High Tea) સાથે આઈટી (IT)ની ભાષા બોલતા થયા છે. આજે ઇ-મેઇલની સાથે સાથે ઇ-કોમર્સ, ઇ-બિઝનેશ, ઇ-વોલેટ, ઇ-બેન્કીંગ જેવા અનેક 'ઈ'ની બોલબાલા છે. માણસે દુનિયા ખૂબ નજીક લાવી દીધી છે. પરિવર્તન કે બદલાવ જીવનનો ક્રમ બની ગયો છે. લોકોના જીવનધોરણ (Standard of Living) અને જીવનશૈલી (Life Style) માં પણ મોટો બદલાવ જોવાઈ રહ્યો છે. આજે નવા વિચારો, નવા વ્યવહારો અને નવી જ સોચ સાથેની નવી પેઢી સમાજ અને વિશ્વને કંઈક નવું જ અર્પણ કરવા થનગની રહી છે ત્યારે પોતાની કુલ વસ્તીના ૬૫ ટકા યુવાધનથી ભરેલા આપણા દેશની નવી પેઢીમાં લોહાણા જ્ઞાતિનું યુવાધન પણ નવા જ જોમ અને જુસ્સા સાથે કંઈક કરી છૂટવાની ખેવના અને ભાવના ધરાવે જ છે તેમાં કોઈ સંદેહ નથી.

જી હા, વ્હાલા જ્ઞાતિજનો, રઘુવંશી સમાજની નવી પેઢી પણ નવા જમાનાના નવા વિચારો સાથે સજ્જ છે ત્યારે આપણે સૌએ તેને માત્ર યોગ્ય નેતૃત્વ દ્વારા યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડી તેઓને જ્ઞાતિમૈયાની સેવામાં જોડવાની જરૂરત છે તેવું આપને નથી લાગતું ?!! અહીં મને એક વાર્તા યાદ આવે છે. એક કલાકાર હતો. પોતાની કલા અને પ્રતિભા વડે નાટકમાં કામ કરી તેમણે ખુબ મોટી સફળતા, નામના અને લોકપ્રિયતા હાંસલ કરી. તેમને પૂછવામાં આવ્યું કે તમારી આટલી મોટી સફળતાનું રહસ્ય શું ? ત્યારે તેમણે જે જવાબ આપ્યો તે આપણે સૌએ સમજી અમલમાં મૂકવા જેવો છે. તેમણે ખૂબ જ વિનમ્રતાથી કહ્યું મારા જીવનમાં નાટકમાંથી હું એટલું શીખ્યો છું કે ''જ્યારે તમારો રોલ (ભૂમિકા) પૂરો થાય એટલે સ્ટેજ છોડીને જતા રહેવું !! કેટલી મોટી અને માર્મિક વાત !! આપણે આપણા જીવનમાં કે સમાજમાં જ્યારે રોલ પૂરો થાય ત્યારે કશું છોડતા નથી..... અને એટલે જ બધા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આપણા પરિવારમાં પણ જ્યારે આપણે અમુક ઉંમરે પહોંચીએ અને આપણી ફરજોરૂપી રોલ અદા કરી લઈએ પછી નવી પેઢીને સોંપી આપણે નિવૃત્ત થઈ જવું જોઈએ અને માર્ગદર્શક ભૂમિકા ભજવવી જોઈએ. સમાજ અને જ્ઞાતિમાં પણ આ વાત સૌને લાગુ પડે છે. આપણી ઘણી બધી સંસ્થાઓ અને મહાજનોમાં જોઈએ છીએ કે વર્ષોથી કેટલાક લોકો પોતાના જૂના, પરંપરાગત વિચારો સાથે અમુક હોદ્દાઓ લઈને જુની ઘરેડમાં જ બધુ ચલાવે છે અને તેથી કશું જ સમાજને નવું પ્રાપ્ત નથી થતું અને નવી પેઢીના યુવક-યુવતીઓ કશુંક નવું આપવા કે અર્પણ કરવા આગળ આવે તો સ્વીકાર કરવાને બદલે પ્લેટફોર્મ જ અપાતું નથી. પરિણામે આપણું યુવાધન સમાજથી પોતાનું મોં ફેરવી લે છે.

મારું એ પણ દૃઢપણે માનવું છે કે આપણી નવી પેઢી એટલી પ્રેક્ટિકલ કે વ્યવહારુ છે કે તે હવે આપણા જૂની પેઢીના વાળા - હાલાઈ, ઘોઘારી, ગુજરાતી, મહીરેવા, કચ્છી કે કાઠિયાવાડી જેવા જુદા વાળામાં પણ નથી માનતા. તેઓ માત્ર એટલું જ સમજે છે કે હું લોહાણા, ઠક્કર કે રઘુવંશી છું અને તેનો મને ગર્વ છે. માત્ર એટલું જ નહિ પણ નવી પેઢીમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધતા તેઓના વિચારો આધુનિક, સમયની માંગ મુજબ ના હોવા છતાં પણ સંસ્કાર અને પરિવારની પરંપરાને તેઓ ભૂલ્યા નથી. તેથી જ છેલ્લા કેટલાક વર્ષોથી, ખાસ કરીને માનનીય યોગેશભાઈ લાખાણી અને મારા પ્રમુખકાળમાં અમે નવી પેઢીના કેટલાક તરવરાટવાળા નવયુવાનોને ખુબ અગત્યની જવાબદારી સોંપી છે અને અમોને તેના ખુબ જ હકારાત્મક અને રચનાત્મક પરિણામો પ્રાપ્ત થયા છે અને સરવાળે સમાજના વિકાસમાં તેનું યોગદાન જ નહિ પરંતુ નવી પેઢી માટે આદર્શ પણ તેઓ સાબિત થયા છે.

ભણેલી નવી પેઢી કેટલી સમજુ અને શિસ્ત (Disciplined) વાળી છે તે આપણે તાજેતરમાં જ લગ્નવિષયક સમિતિ દ્વારા જલારામ ધામ, ચોટીલા ખાતે યોજાયેલ લગ્નવિષયક યુવક-યુવતીઓના પરિચય મેળામાં પણ જોયું. ૩૫૦ જેટલા યુવક-યુવતીઓએ સવારે દસથી સાંજે પાંચ વાગ્યા સુધી ખૂબ જ શાંતિ અને શિસ્તપૂર્વક કાર્યક્રમને સફળ બનાવ્યો. હું અધ્યક્ષ શ્રી હસમુખભાઈ દાવડા તેમજ આયોજનમાં જોડાયેલા તમામને અભિનંદન અને ધન્યવાદ પાઠવું છું. તાજેતરમાં શિક્ષણ સમિતિ દ્વારા પણ જ્ઞાતિના તેજસ્વી યુવક-યુવતીઓને UPSC, IPS અને IAS માટે તાલિમ આપવાનું આયોજન શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી ધર્મેશભાઈ હરિયાણી, મારા ઉત્સાહી મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર અને ટીમ દ્વારા થઈ રહ્યું છે તે પણ સરાહનીય અને પ્રેરણાદાયી છે. હું અન્ય સમિતિના અધ્યક્ષશ્રીઓને, મહાજનોને, જ્ઞાતિની દરેક સંસ્થાઓને નમ્ર અપીલ કરું છું કે નવી પેઢીને જ્ઞાતિગંગાના પ્રવાહમાં જોડવા પ્રોત્સાહિત કરો, તેઓને પ્લેટફોર્મ આપો, કંઈક સારું કરી બતાવે તો પીઠ થાબડી જાહેરમાં તેનું બહુમાન કરો અને પછી જુઓ... પ્રોત્સાહિત થયેલી આ નવી પેઢી ચમત્કાર કરી બતાવશે...!!

આવો, આપણે સૌ સાથે મળી જ્ઞાતિમૈયાની સેવામાં નવા યુગના તરવરીયા યુવક-યુવતીઓને જોડી નવી પેઢીનો, જ્ઞાતિનો અને આપણા સૌનો વિકાસ કરીએ....!!

**પ્રવિણ કોટક**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : 6
જૂન - 2017
અંક : 65
માસિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : પ્રો. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ પલાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ટ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૬૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 19 સળંગ અંક : 224

ઇમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકના પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી ........ ૨
તંત્રી સ્થાનેથી ........ ૪
વ્યક્તિ, પ્રકૃતિ, પર્યાવરણ અને વિકાસ... પ્રો. ચંદ્રકાંત જે. તન્ના ........ ૫
જીવનસાથી પસંદગી પરિચય મેળો ........ ૭
વિભાગીય સમાચાર ........ ૧૦
સ્થાયી સમિતિઓના અહેવાલ ........ ૧૬
સંસ્થા સમાચાર ........ ૧૯
સરકારશ્રીની વિવિધ યોજનાઓ ........ ૨૨
આર.સી.ટી. ભાગવત અતિથિ ભવન અને શૈક્ષણિક સ્કોલરશિપ ૨૦૧૭ .. ૨૩
સૌજન્ય જાહેરાત : શ્રી દિપકભાઈ ઠક્કર, અમદાવાદ. ........ ૨૪




તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ થી તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ સુધી સરસ્વતી નદીની પાવન ભૂમિમાં માતૃગયા તીર્થ સિધ્ધપુર મુકામે યોજાનારા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અને સામૂહિક માતૃતર્પણના ભવ્યાતિભવ્ય ઉત્સવમાં દેશ-વિદેશમાંથી રઘુવંશી ભાઈબહેનો ઉત્સાહભેર તન, મન અને ધનથી સેવા આપવા માટે સંકલ્પિત થયા છે ત્યારે પોથી રજિસ્ટ્રેશન માટે પણ દેશ-વિદેશમાંથી અભૂતપૂર્વ સહકાર સાંપડી રહ્યો છે. પ્રથમ દિવસના મુખ્ય યજમાન તરીકે શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ મુંબઈ દ્વારા માતૃશ્રી માણેકબાના નામે આ અનુદાન શ્રી લોહાણા મહાપરિષદને પ્રાપ્ત થયું છે. આ પ્રકારે અન્ય રીતે સૌજન્ય દ્વારા સહભાગી થવા ઈચ્છતા પરિવારોએ માતૃસંસ્થાના હોદ્દેદારોનો સંપર્ક કરવા વિનંતી.

- કાર્યાલય

# વિશ્વ પર્યાવરણ દિન - વિશ્વ યોગ દિન
# ભીતરનેય શુધ્ધ કરવાના અવસર

ગુજરાતી સાહિત્યના લેખક, વિવેચક અને ચિંતક શ્રી પ્રવિણ દરજી લખે છે કે, એક વખત કોઈ મોટી ઉંમરના એક વડીલે તેમની સાથે વાતવાતમાં એમ કબૂલ્યું કે "હું ખુબ નકારાત્મક વિચારોમાં અટવાયેલો રહું છું, પ્રયત્ન કરવા છતાં પણ પોઝિટિવ થવાતું નથી. કોઈ ઉપાય બતાવો ત્યારે શ્રી પ્રવિણ દરજીએ કહ્યું કે તમારે પોઝિટિવ થવું છે એ વાત જ તમારું જમા પાસું છે. તમે જરૂર પોઝિટિવ થઈ શકશો.

આજકાલ નકારાત્મકતાનું પ્રદૂષણ ભીતરના પર્યાવરણને એટલું બધું દૂષિત કરી રહ્યું છે કે જેના પરિણામે નિંદા, અદેખાઈ, દેખાદેખી, અન્યને નીચા દેખાડવાની વૃત્તિ, સ્વાર્થ જેવા આસુરી તત્ત્વોએ આપણા માહ્યલાં ઉપર જાણે કે કબજો જમાવી દીધો હોય તેવું લાગ્યા કરે છે. હરિફાઈ અને સરખામણીની બોલબાલા વધી પડી હોવાને કારણે આજના સમાજમાં દ્વેષભાવનું પ્રમાણ વધ્યું હોય તેવો વહેમ ચોમેર વ્યાપેલો છે. જાણે કે મનુષ્યના માહ્યલા ઉપર રાગ, દ્વેષ, ઈર્ષ્યા અને આસક્તિનો કાર્બન જામી રહ્યો હોય. પરિણામ સ્વરૂપે માણસ ખુદને ભૂલી જવાની અણી પર છે. શ્રદ્ધા સ્થાનો પણ નજર સામે રહ્યા નથી. કહો કે સકારાત્મકતાનું વાતાવરણ છિન્ન થતું જાય છે. સ્પર્ધાઓ, ખાઈઓ, તિરાડો, દરાર જેવા શબ્દોનું જોર વધ્યું છે. સંવાદ, એકતા કે એકત્વ, સહાનુભૂતિ કે સ્નેહ જેવા શબ્દો બાજુએ હડસેલાતા જતા હોય તેવું લાગ્યા કરે છે. આવા સમયે આ મહિનામાં "વિશ્વ પર્યાવરણ દિવસ અને વિશ્વ યોગ દિવસ" (આપણા દિર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સનિષ્ઠ પ્રયત્નોથી) સમગ્ર વિશ્વના લોકો મનાવી રહ્યા છે ત્યારે બાહ્ય પર્યાવરણની જાળવણી અને યોગ દ્વારા તનની તંદુરસ્તીની સાથે સાથે આ ભીતરના દૂષણો કે વૈચારિક પર્યાવરણના પ્રદૂષણો દૂર કરી મનદુરસ્તીની પણ આજના સમાજને જરૂરત હોય તેવું નથી લાગતું ?!!!

ઘરમાં પંખા કે લાઈટ્સને આપણે નિરર્થક ચાલવા દેતા નથી. આપણે રસોઈનો બગાડ થાય એ પણ પસંદ કરતા નથી. ઘર આગળ ઊભેલી મોટરનું એન્જિન અમસ્તું જ ચાલતું રહે, પેટ્રોલ કે ડિઝલ વેડફે ને પ્રદુષણ વધારે તે આપણને ઠીક લાગતું નથી; તો આપણા જીવનમાં પણ આપણે સાવધ થઈને આપણા પંડના યંત્ર થકી દુર્વ્યય કે બગાડ થતા રોકવા ન જોઈએ ! પૂજાની રૂમમાં ધૂપ દીપ જેવું મંગળ વાતાવરણ સર્જવા આપણે મથીએ છીએ તેવું વાતાવરણ આપણી ભીતર પણ સર્જાય એ માટે આપણે સતત મથવું જોઈએ. માત્ર એટલું જ નહીં મારી સફાઈ, મારા માહ્યલાની ચોખ્ખાઈ મારા પૂરતી જ મર્યાદિત ન રહેતા, એના નરવાં મોજા સર્વત્ર ફેલાય એવું પણ થવું જોઈએ. આ માટે આપણે આપણા વ્યક્તિત્વને કંટક રહિત અને પુષ્પમધુર કરવાનું રહે છે. તાસકમાં મીઠાઈ હોય કે સાકર હોય તો સૌ દોડીને આવે અને એનો સ્વાદ લે. આપણેય આપણા પાત્રને મીઠાશથી ભરવાનું છે. સૌના માટે સદ્‌ભાવ, સૌના માટે સમભાવની ભાવના કેળવવાની છે.

આપણે આપણા અહંકારના કુંડાળામાં ગોળ ગોળ ઘૂમતા રહીશું તો આપણે અંદરનો ઉઘાડ અને વિકાસ અટકી જશે. આપણે આપણી જાતને નહિ, સાચને કેન્દ્રમાં રાખીને જે કંઈ કરવા જેવું હોય તે કરવાનું રહે છે. કોઈને આપણાથી નીચા ગણી, એની નિંદા કે કુથલીમાં રાચવું, એની હસીમજાક કે વ્યંગકટાક્ષ કરી, પોતાની વડાઈ સ્થાપવા મથવું એમાં નથી ખાનદાની કે નથી સાત્વિકતા. આપણે આપણી અંદરની ગંદકી નિવારવા મથવું એમાં જ આપણી તંદુરસ્તી અને મંદુરસ્તી છે. અહીં કવિ શ્રી દિલીપ વ્યાસનો શેર યાદ આવે છે :

"લાચાર છે, બીજમાં પાછું ફરી શકતું નથી,
વૃક્ષને નહીંતર જગતમાં ક્યાંય પણ ગમતું નથી."

વૃક્ષને જગતમાં નહીં ગમતું હોય પણ આપણામાં તો ગમતું હશે ને ! વૃક્ષનો સ્વભાવ સ્થિર રહીને ગતિ કરવાનો ! વૃક્ષને ગમે છે એની નીચે પ્રેમીઓ બેસી રહે તે ! વૃક્ષ કુદરતનું શાણપણ છે. લીલા રંગનું માતૃત્વ છે. વૃક્ષ ન હોત તો શું થાત ? પ્રેમ પણ ન હોત ને ! વૃક્ષ આપણને છાંયડો આપે છે, પરંતુ એનો છાંયડો એના પોતાના માટે પડછાયો જ હોય છે. મિત્રો, જ્યારે આપણો પડછાયો બીજાના માટે છાંયડો બની જાય ને ત્યારે આપણા માણસપણાને વૃક્ષત્વ ઉગ્યું છે તેમ કહી શકાય.

ચાલો, યોગથી યોગી નહિ, પણ કોઈકને ઉપયોગી તો થઈએ ! કોઈકના પગ ખેંચવાને બદલે હાથ પકડીએ, કોઈકની ટીકા નહિ, ટેકો કરીએ ! આપણે કોઈને છોટા બતાવી ક્યારેય મોટા નહીં થઈ શકીએ, જો આ પાકું સમજાઈ જાય ને તો બેડો પાર. અંતમાં...

"એટલી સમજ મને પરવરદિગાર દે...
સુખ જ્યાં મળે બધાનો વિચાર દે....."

- પ્રો. ચંદ્રકાન્ત જે. તન્ના


# વ્યક્તિ, પ્રકૃતિ, પર્યાવરણ અને વિકાસ

આપણા સૌ માટે જૂન મહિનો પોતાનું એક આગવું અને વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. આ જ માસમાં સૌ સજીવોની જીવાદોરી સમાન વર્ષાઋતુનું આપણે ત્યાં આગમન થાય છે, તો વિદ્યાર્થીઓનું ભાવિ નક્કી કરતા પરિક્ષાના પરિણામો પણ મોટેભાગે જુનમાં જ આવતા હોય છે અને તેઓની નવી દિશા અને દશા નક્કી કરતા પરિણામોના આધાર પર (મેરીટ મુજબ) સ્કૂલ અને કોલેજીસના એડમિશન પણ આ સિઝનમાં થાય છે. આ ઉપરાંત વિશ્વ કક્ષાએ અન્ય બે ઘટનાઓ કે દિવસો પણ આ માસમાં જ આવે છે : ૫ જૂન "વિશ્વ પર્યાવરણ દિવસ" તેમજ ૨૧ જૂન "વિશ્વ યોગ દિન."

પરિ + આવરણ. પરિ = ચારે તરફ (ફેલાયેલું) + આવરણ = પર્યાવરણ. આ આવરણમાં પાંચ મુખ્ય પવિત્ર તત્ત્વો છે - પૃથ્વી, પાણી, પવન, આકાશ અને અગ્નિ. આ પાંચ તત્ત્વો રૂડાં રૂપો છે, એ શોભાયમાન છે, અધિકારને પાત્ર છે. એ તત્વોને દખલ દઈ હેરાન ના કરાય, ચેડાં ન થાય, ખેલ ના ખેલાય. પ્રયોગોની સરાણે ના ચઢાવાય. આમ થાય તો પ્રકૃતિ રૂઠે. સુંદરતા શેતાન બને ! આજે આપણે જોઈ રહ્યા છે કે પૃથ્વી પરનું મોસમનું ચક્ર બદલાઈ રહ્યું છે. પર્યાવરણ પર પ્રદૂષણનું આવરણ છવાઈ રહ્યું છે. ઓઝોનના પડમાં ગાબડા પડ્યા છે. વિશ્વ આખું પ્રદૂષિત વાતાવરણ સાથે તાપમાનમાં થઈ રહેલ સતત વધારાને કારણે બળી રહ્યું છે. પર્યાવરણ દિવસે દિવસે વધારે ને વધારે "દીન" બનતું જાય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘનું અનુમાન છે કે ૨૦૫૦ સુધીમાં વિશ્વની વસ્તીમાં વૃદ્ધિ થતા પૃથ્વીની હાલત શી થશે તે વિચારવું જ રહ્યું. આ માનવીય મૂલ્યોની પીછેહઠ પ્રત્યે સભાન બનવું જરૂરી નથી લાગતું ?

માનવ આદિકાળથી પ્રકૃતિના સાનિધ્યમાં રહેતો આવ્યો છે. પ્રકૃતિની ગોદમાં ઉછરેલો માનવી વિરાટ ઔદ્યોગિક ક્રાન્તિ અને અવનવી શોધખોળ દ્વારા ભલે આજે ચંદ્ર પર પહોંચ્યો છે, ભલે તે આર્થિક ઉન્નતીની ટોચે છે, ટી.વી. કમ્પ્યુટર, ઈન્ટરનેટ અને સોશિયલ મિડિયા દ્વારા ભલે તે કૃત્રિમ રીતે પ્રકૃતિનું સાનિધ્ય અનુભવતો હોય પણ છતાંય તેને અહેસાસ છે કે તે પ્રકૃતિથી દૂર જઈ રહ્યો છે, પ્રકૃતિનો પર્યાય હજી સુધી તે નથી શોધી શક્યો. નૈસર્ગિક આનંદને છોડીને ભૌતિક સુખ મેળવવાની લાલસામાં માનવી મનની શાંતિ ગુમાવી બેઠો છે. અર્થોપાજનની અવિરત ચાલુ રહેતી દોડમાં માનવી હવે એવો જોતરાઈ ગયો છે કે જેને લીધે પાછું વળીને જોઈ શકતો નથી. પોતાના જ મનમાં આનંદની તેણે સતત ઉપેક્ષા કરવી પડે છે. વિકાસની આગેકૂચમાં માણસ વાસ્તવિકતા તરફ આંખ આડા કાન કરી રહ્યો છે. એનો આધુનિકતાનો મોહ ક્યાં લઈ જશે તે પણ એક વિકરાળ પ્રશ્ન છે. વૈજ્ઞાનિક સંશોધનો - સગવડો સામે એટલા જ સંકટો પણ મોં ફાડીને માનવજાત સમક્ષ ખડા છે.

એક એવી માન્યતા છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં જ પર્યાવરણની જાળવણી અંગે જાગૃતિ આવી છે. પર્યાવરણ અંગે દુનિયાભરના લોકોમાં સભાનતા કેળવાય તે માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવે છે. પરંતુ આપણી સાંસ્કૃતિક ધરોહરનો અભ્યાસ કરીએ તો જણાશે કે, પર્યાવરણની જાળવણી કરતા રહીને કેમ વિકાસ કરવો, આપણા જીવનને કેમ સમૃધ્ધ બનાવવું તે બાબતમાં આપણા પૂર્વજો વધારે ચીવટવાળા હતા. પર્યાવરણ જાળવવાનો અનુરોધ દરેક ધર્મોએ કરેલો છે. કૃષ્ણ હોય કે મહાવીર - ઈસુ કે પછી મોહંમદ પયગંબર હોય. આ સૌ પ્રકૃતિપ્રેમીઓ હતા. ચક્રવર્તી રાજા અશોકના સમયે પણ વૃક્ષોના છેદન પર પ્રતિબંધ હતો અને દંડ પણ. કૃષ્ણના સમયમાં વૃક્ષો કાપવા પર નિષેધ જ હતો. વૃક્ષો - નદીઓ - સાગરની પૂજા થતી. જેઓ જીવનને પોષે છે તેનો નાશ જ થાય તેવી ભાવના આપણા પૂર્વજોમાં હતી. જ્યારે આજે આપણે જોઈએ છીએ કે છેલ્લા બે ત્રણ દાયકાઓથી પૃથ્વીના વાતાવરણનું સરેરાશ ઉષ્ણતામાન વધી રહ્યું છે. "ગ્લોબલ વોર્મિંગ" એનું જીવતું જાગતું ઉદાહરણ છે. આજે ઋતુઓમાં ફેરફારો થઈ રહ્યા છે. ક્યાંક અતિ ગરમી, ક્યાંક અતિ ઠંડી, કોઈક ઠેકાણે અતિવૃષ્ટિ, ક્યાંક દુકાળ, વાવાઝોડાઓ વધી રહ્યા છે. ઉત્તર, દક્ષિણ ધ્રુવ પરથી બરફની ટોપીઓ (Ice Caps) પીગળી રહી છે. જેને કારણે મહાસાગરોની પાણીની સપાટી વધી રહી છે. અનુમાન એ છે કે આવતા ૫૦થી ૧૦૦ વર્ષમાં આંદામાન નિકોબાર જેવા ટાપુઓ સમુદ્રમાં ડૂબી જશે. હિમાલય પણ પીગળી રહ્યો છે. બાંગ્લાદેશ અને ભારતની કેટલીક જમીનો પર પાણી ફરી વળશે.



આવું કેમ થાય છે ? માનવી પોતાની સુખ - સગવડો વધારવા માટે



પેટ્રોલિયમ તેલ બાળીને તીવ્ર વેગે ઊર્જા ઉત્પન્ન કરી રહ્યો છે. અમેરિકા, યુરોપ જેવા દેશો ઠંડીથી બચવા ઘરોમાં, ઓફિસોમાં ચોવીસે કલાક સેન્ટ્રલ હીટીંગ કરે છે. મોટા મોટા રેફ્રિજરેશન પ્લાન્ટ્સમાં કાર્બનયુક્ત ગેસનો ઉપયોગ કરે છે જેને લીધે અવકાશમાંથી આવતા અલ્ટ્રા વાયોલેટ (યુ.વી.) કિરણોમાં વધારો થયો છે. પેટ્રોલિયમ બળતણ બાળવાથી કાર્બનડાયોક્સાઈડ, નાઈટ્રોજન ઓક્સાઈડ્સ, કાર્બન ફ્લુરો, ક્લોરિનયુક્ત વાયુઓ આદિ વાતાવરણમાં ફેલાઈ રહ્યા છે. આ વાયુઓને ગ્રીન હાઉસ ગેસીસ કહે છે. ઔદ્યોગિક ક્રાન્તિ પહેલાં પ્રકૃતીના ચક્ર સાથે ઓછા ચેડાં થતાં, પરંતુ આજની બદલાતી દુનિયામાં પર્યાવરણીય પ્રત્યાઘાતો જોરશોરથી ઉઠવા લાગ્યા છે. પ્રાકૃતિક - કુદરતી તત્વોની જાળવણીનો સમય પાકી ગયો છે. પ્રદુષણ અટકાવવા સનિષ્ઠ પ્રયત્નો કરવા જ જોઈએ.

જો કે ખુબ જ ગર્વ સાથે એ વાતની અહીં નોંધ લઉં છું કે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના વિઝનરી પ્રમુખ માનનીય શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાની દિર્ઘદ્રષ્ટિથી પર્યાવરણ સમિતિની મહાપરિષદમાં નવીનતમ સ્થાપના કરી અને તેના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી આગવી સૂઝથી પોતાની ટીમ સાથે વૃક્ષો વાવો - ધરતી બચાવો, પાણી બચાવો - જીવન બચાવો, જેવા અભિયાન દ્વારા માત્ર લોહાણા સમાજમાં જ નહિ પરંતુ આમ જનતામાં એક પ્રકારની જાગૃતિ લાવવામાં સફળ રહ્યા છે અને ખુબ જ ઉત્સાહ અને ખંતપૂર્વક પર્યાવરણ જાળવવાની ઝુંબેશ ચલાવી રહ્યા છે.

મારું દ્રઢપણે માનવું છે કે આપણે  સૌએ આધુનિક ટેકનોલોજીના તાલમેલ સાથે માનવતાવાદી સમાજ ઉભો કરવો પડે, જે વ્યક્તિગત ધોરણે સાવચેતી રાખે. ચાલો આપણે સૌ પર્યાવરણને પ્રાકૃતિક રીતે જાળવવા વાતાવરણમાં થતી ગંદકી રોકીએ, જરૂર પડતાં જ હોર્ન વગાડીએ, પાણી ગરમ કરવા લાકડા - કેરોસીનને બદલે સોલર હીટર વાપરીએ, બલ્બને બદલે ટ્યુબલાઈટ વાપરીએ, કાગળ બન્ને બાજુ ઉપયોગમાં લઈએ અથવા ઈ-મેઈલનો વધુ ઉપયોગ કરીએ, શાકાહાર અપનાવીએ, ઘેર ઘેર તુલસી વૃક્ષો વવડાવીએ, પાણી ને વાણી બચાવીએ, મુસાફરી માટે સ્કુટર, રિક્ષા, ગાડીનો ઉપયોગ ઘટાડી અઠવાડિયામાં એક કે બે વખત પગપાળા કે સાયકલ વાપરીએ, પ્લાસ્ટીકને બદલે પેપર બેગનો ઉપયોગ વધારીએ, પ્રેસર કુકરનો ઉપયોગ વધારીએ, રિચાર્જ કરી શકાય તેવી બેટરી વાપરીએ.

સાથે સાથે વધુ ને વધુ વૃક્ષો વાવીએ, વાવેલા વૃક્ષોનું છેવટ સુધી જતન કરીએ. વીજળી, ખનીજતેલ, લાકડું વગેરેનો ઉપયોગ કરકસરથી કરીએ, તેનો બગાડ અટકાવીએ, અવેજીમાં ઉર્જા સ્રોતોનો ઉપયોગ વધારવાની ટેવ પાડીએ. પર્યાવરણને નુકસાન કરતી બાબતો અને વ્યક્તિઓને સમાજમાં ખુલ્લા પાડવાની હિંમત કેળવીએ. બાળકોમાં પ્રકૃતિ, પ્રેમ અને રક્ષણનું જ્ઞાન વધારીએ એ જ સમાજની અને સમયની માંગ છે. અંતમાં બસ એટલું જ કહીશ કે :

"તમે ઔદ્યોગિક ક્ષેત્રો ભલે રચાવો, માનવને સગવડે ભલે નચાવો.

પણ પ્રદૂષણ સામે તો જંગ મચાવો, પર્યાવરણ તો તમે બચાવો બચાવો.

- પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના



# શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આયોજિત

# જીવનસાથી પસંદગી પરિચય મેળો

## અત્યંત સફળતાપૂર્વક સંપન્ન







તા.૧૩ મે, ૨૦૧૭ના રોજ જલારામ ધામ, ચોટીલા ખાતે અંદાજિત ૧૫૦૦ જેટલા જ્ઞાતિ સભ્યોની ઉપસ્થિતિમાં જીવનસાથી પસંદગી પરિચય મેળાનું અત્યંત સફળતાપૂર્વક આયોજન થયું. માતૃસંસ્થા દ્વારા પ્રત્યક્ષ રીતે આ પ્રકારનું આ પ્રથમ આયોજન હતું. આ પરિચય મેળામાં અંદાજિત ૩૫૦ જેટલા ઉચ્ચ અભ્યાસવાળા દિકરા-દિકરીઓએ રૂા. ૧૫૦૦/ - જમા કરાવીને રજિસ્ટ્રેશન કરાવ્યું હતું અને અત્યંત ઉત્સાહભેર ૮૫ ટકા જેટલા સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. રજિસ્ટ્રેશન કાઉન્ટર ઉપર શ્રી મેહુલભાઈ નથવાણી, શ્રી વિપુલભાઈ મણિયાર, સુશ્રી રીટાબેન ઠક્કર, સુશ્રી રંજનબેન પોપટ તથા શ્રી રમેશભાઈ અનમી, શ્રી જીતેન્દ્રભાઈ કારિયા તથા શ્રી મુકેશભાઈ ગોવાણીએ પોતાની સેવા આપી હતી.



સવારે ૮.૩૦ કલાકે રજિસ્ટ્રેશન અને અલ્પાહાર બાદ સમયસર પધારેલા યુવક-યુવતીઓએ વૃક્ષારોપણ કરી કાર્યક્રમમાં પોતાની પણ એક સેવાંજલિ આપી હતી. સવારે ૧૦.૩૦ કલાકે ધ્વજવંદન ગીતથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં માતૃસંસ્થાના ટ્રસ્ટી સુશ્રી વિણાબેન પાંધી તથા આ પરિચય મેળામાં ભાગ લેવા આવેલા સભ્યોમાંથી પ્રતિકાત્મક ત્રણ યુવક તથા ત્રણ યુવતીઓએ સાથે મળીને દીપ પ્રાગટ્ય કર્યું હતું. તમામ ઉપસ્થિત દિકરા-દિકરીઓએ પોતાની વાત વિચારો સુપેરે રજૂ કર્યા હતા. લગ્નવિષયક સમિતિના અધ્યક્ષ શ્રી હસમુખભાઈ દાવડાએ આ પરિચય પસંદગી મેળામાં પધારેલા તમામ સભ્યોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. વિશેષમાં શ્રી હસમુખભાઈએ શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણીને પોતાનો સમય ફાળવવા માટે તેમજ આર્થિક યોગદાન આપવા માટે વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. એ જ રીતે પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીને પણ સુંદર સંકલન કરવા માટે અભિનંદન પાઠવ્યા હતા.







માતૃસંસ્થાના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે માતૃસંસ્થાની લગ્નવિષયક સમિતિ દ્વારા આયોજિત આ પરિચય મેળાના ઉદ્દેશ અને આયોજન અંગે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, "પરિચય પસંદગી મેળામાં દૂર દૂરથી ભાગ લેવા આવી રહેલા પરિવારોને સંપૂર્ણ સંતોષ મળી રહે તે અગ્રીમતા હોવી જોઈએ. પ્રવચનો અને સન્માનના કાર્યક્રમોનું શક્ય ત્યાં સુધી ઓછામાં ઓછું મહત્ત્વ આપી મુખ્ય કાર્યક્રમ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત થાય તે અતિ આવશ્યક છે." સભ્યના રજિસ્ટ્રેશન વખતે લેવાયેલ રૂા. ૧૫૦૦/- તમામ ઉપસ્થિત સભ્યોને સ્થળ ઉપર જ પરત કરી દેવાની જાહેરાતને સૌ સભ્યોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. રજિસ્ટ્રેશન ફી લેવાનો એક માત્ર ઉદ્દેશ સભ્યોની હાજરીને ચોક્કસ કરવાનો જ હતો તેમ મંત્રી શ્રી હિમાંશુભાઈએ જણાવ્યું હતું.





દરેક ઉપસ્થિત સભ્યએ પોતપોતાનો પરિચય આપી સંચાલક શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના તથા શ્રી ચિરાગભાઈ કોટકે લગ્ન જીવનને લગતા યુવક-યુવતીઓ સાથેના સંવાદથી વાતાવરણને આહ્લાદક બનાવ્યું હતું. બપોરે ૧.૩૦ કલાકે ભોજન વિરામ બાદ સત્ર બે ની શરૂઆત થઈ હતી જેમાં ગોળાકાર બેઠક વ્યવસ્થામાં તમામ પરિવારો અને ઉમેદવાર પોતાને અનુકૂળ અને ઇચ્છિત પરિવારો સાથે ઔપચારિક વાતચીત માટે ગોઠવાયા હતા. બપોરે ભોજન દરમિયાન પણ ફક્ત ઉમેદવાર યુવક - યુવતિઓ માટે અલાયદા ભોજન મંડપની વ્યવસ્થા કરવામાં આવેલ. રાજકોટના શ્રી હસમુખભાઈ ભગદેવ, સુશ્રી શિલ્પાબેન પૂજારા તથા રઘુવંશી પરિવારના સક્રિય સભ્યોએ ભોજન, અલ્પાહાર, હૉલ સુશોભન અને અન્ય જરૂરી વ્યવસ્થાઓમાં પોતાનો વિશેષ સહયોગ આપી ધન્યતા અનુભવી હતી. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં પોતપોતાના વિસ્તારમાં લગ્નવિષયક બાબતોની સેવા આપતા સમાજશ્રેષ્ઠીઓ શ્રધ્ધેય શ્રી જગુબાપા, શ્રી હર્ષદભાઈ ગણાત્રા, સુશ્રી ચેતનાબેન મિશ્રાણી, શ્રી રાજેશ સોનપાલ, શ્રી હસમુખભાઈ દાવડા, શ્રી કિરીટભાઈ વિઠલાણી, શ્રી સંજયભાઈ ઠક્કર, શ્રી અશોકભાઈ હિંડોચા, સુશ્રી અવનીબેન કુટમુટીયા, સુશ્રી સોનલબેન પંચમતીયા, સુશ્રી રૂપાબેન મજીઠીયા, સુશ્રી ધરાબેન ઠક્કર, સુશ્રી જયશ્રીબેન વિઠલાણી, સુશ્રી અંજનાબેન હિંડોચા, ડૉ. મીરા ઠક્કર, સુશ્રી બિંદિયાબેન અમલાણી, સુશ્રી ધીરજબેન પોપટ, સુશ્રી કમલાબેન ભાગ્યોદય, સુશ્રી દુર્ગાબેન લાદીવાલા, સુશ્રી કનકબેન રૂપારેલ, શ્રી ભૂપેન્દ્રભાઈ ઉનડકટ, શ્રી રાજેશભાઈ ઠક્કર, શ્રી કિરીટભાઈ કેસરીયા, શ્રી મનુભાઈ મિરાણી, શ્રી રાજુભાઈ જોબનપુત્રા, શ્રી નીતીનભાઈ ચગ, શ્રી હરેશભાઈ કોટક વિગેરે સભ્યોએ પરિવારો વચ્ચે સંવાદસેતુ બનાવી રાખવા મેરેજ કાઉન્સિલર તરીકે પોતાની ઉત્કૃષ્ટ સેવાઓ આપી હતી. પૂ. જલારામબાપાની સેવાભૂમિમાં આયોજિત આ કાર્યક્રમમાં જાણે પૂ.જલારામબાપાના સીધા આશીર્વાદ ઉતર્યા હોય તે રીતે પાંચ જેટલા પરિવારોએ તો એ જ દિવસે ઔપચારિક રીતે સંબંધની પુષ્ટિ કરી સંતોષ વ્યક્ત કર્યો હતો અને ૧૦૦ થી પણ વધારે વિવિધ પરિવારો વચ્ચે યોજાયેલી મીટિંગો પણ અત્યંત ફળદાયી સાબિત થઈ હતી. સાંજે ૬.૦૦ વાગ્યા સુધી ભરચક રહેલા હૉલમાં દરેક ઉમેદવારોએ પોતાના મનગમતા પાત્રો સાથે વાત કરી પરિવારો એકબીજા સાથે પરિચય કેળવી આ આયોજનમાં સાક્ષી બનવા બદલ ગૌરવ અને આનંદની લાગણી અભિવ્યક્ત કરી હતી અને સાથે સાથે ઉપસ્થિત પરિવારના શ્રેષ્ઠીઓએ આ પ્રકારના આયોજન સમયાંતરે ગોઠવાય તેવી વ્યવસ્થા પણ માતૃસંસ્થાને અપીલ કરી હતી. આ તબક્કે શ્રી લોહાણા








મહાપરિષદના હોદ્દેદારશ્રીઓ શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી હસમુખભાઈ દાવડા, શ્રી હિંમતભાઈ કોટક, શ્રી યોગેશભાઈ ઉનડકટ, શ્રી ધીરુભાઈ રાજા તથા અન્ય સર્વે હોદ્દેદારોએ પણ તમામ પરિવારો પ્રત્યે માતૃસંસ્થા પ્રત્યે તેમણે મૂકેલા વિશ્વાસ બદલ આભારની લાગણી વ્યક્ત કરીહતી. શ્રીલોહાણા મહાપરિષદના કાર્યાલયના સક્રિય સભ્યો એવા શ્રી રમેશભાઈ અનમી, શ્રી જીતેન્દ્રભાઈ કારિયા, શ્રી હરીશભાઈ ઠક્કર, શ્રી ભવાનભાઈ કોટક, શ્રી ભરતભાઈ માવાણી, શ્રી સંજયભાઈ ઠક્કર, શ્રી રઘુવીરભાઈ ગઢિયા, શ્રી મિતલભાઈ ખેતાણી, શ્રી પ્રવિણભાઈ ભગદેવ, શ્રી મુકેશભાઈ ગોવાણી પણ કાર્યક્રમના સુસંકલન માટે સતત સક્રિય રહ્યા હતા.

આ પ્રસંગે પ્રકાશિત પરિચય પુસ્તિકાના સંપાદનમાં શ્રી મહેન્દ્રભાઈ સોમાણી, શ્રી પ્રવિણભાઈ ભગદેવ તથા શ્રી રમેશભાઈ અનમીનો વિશેષ સાથ સહકાર રહ્યો હતો. આ આયોજનની સાથે સાથે થેલેસેમિયા રક્ત પરિક્ષણ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત સભ્યોને જો આ ટેસ્ટ ન કરાવેલ હોય તો અવશ્ય કરાવવા માટે અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમના ત્રિવેણી સંગમ રૂપે ૭૮ થેલેસેમીયાના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ૯૮ જનરલ તબીબી પ્રશિક્ષણના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. મહાપરિષદના વરિષ્ઠો તેમજ ઉમેદવારના હાથે ૧૦૮થી વધુ વૃક્ષોનું રોપણ કરવામાં આવેલ. કાર્યક્રમના આર્થિક ખર્ચને પહોંચી વળવા માટે જાહેરખબર તથા અન્ય રીતે શુભેચ્છા સહયોગ આપી દાતાશ્રીઓએ આયોજકોનો ઉત્સાહ વધાર્યો હતો. અનિવાર્ય સંજોગોના કારણે ઉપસ્થિત ન રહી શકેલ માતૃસંસ્થાને શિર્ષ નેતૃત્વ પ્રદાન કરતા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી, વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી તથા સમગ્ર ટ્રસ્ટી મંડળે આ આયોજનની સફળતા માટે અને આ પરિચય મેળામાં ભાગ લઈ રહેલા તમામ પરિવારોને અંતરની શુભેચ્છાઓ પાઠવી હતી.







## વિશેષ

**પરણવા ઉત્સુક યુવાઓ માટે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા અનેરો પ્રયાસ વૈજ્ઞાનિક પદ્ધતિથી વોટ્સએપ ગ્રુપ કાર્યરત થઈ ગયેલ છે. વોટ્સએપ નંબર 7448181920 ઉપર પોતાનો બાયોડેટા નોંધાવવા વિનંતી.**

-: વધુ માહિતી માટે સંપર્ક સૂત્રો :-

અશોકભાઈ હિંડોચા - 9426201999
ભુપેન્દ્રભાઈ ઉનડકટ - 9428349501
હસમુખભાઈ દાવડા - 9652005252
અમિતભાઈ દસાણી - 9822195008
જયભાઈ ઘેલાણી - 8160863529

## સૌરાષ્ટ્ર

તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ થી ૧ નવેમ્બર, ૨૦૧૭ સુધી સરસ્વતી નદીના સાનિધ્યે માતૃતીર્થ સિધ્ધપુર મુકામે યોજાનાર શ્રીમદ્ ભાગવત્ જ્ઞાનયજ્ઞ તથા સામૂહિક માતૃતર્પણમાં પોથી પૂજન, હયાત માતાઓના શ્રેયાર્થે અને દિવંગત માતાઓના સ્મરણાર્થે પોથી નોંધાવવા માટે તેમજ માતૃવંદનાના આ અભૂતપૂર્વ અવસરમાં અન્ય રીતે સહયોગી બનવા ઈચ્છતા પરિવારો સુધી આ માહિતી પહોંચે તે માટે સૌરાષ્ટ્ર વિભાગના સંકલન માટે રાજકોટ મુકામે હેલ્પ ડેસ્ક ચાલુ કરેલ છે જે અંગે શ્રી જીતેન રાયચુરા (મો. ૯૯૦૧૫૦૭૪૫૫) જરૂરી સંકલન કરશે. આ કાર્યક્રમ અંગે તાલાલા ગીર ખાતે શ્રી યોગેશભાઈ, બીલખા ખાતે શ્રી હિતેશભાઈ, કેશોદ ખાતે શ્રી અશોકભાઈ, રાજકોટ શ્રી વસંતભાઈ, શાપુર (સોરઠ) ખાતે શ્રી મહેન્દ્રભાઈ કારીયા, જેતપુર ખાતે શ્રી જયંતીભાઈ વસાણી, સુરેન્દ્રનગર ખાતે મહાજનવાડી, સાવરકુંડલા ખાતે શ્રી વિજયભાઈ વસાણી, ઉપલેટા ખાતે શ્રી જગદીશભાઈ ગણાત્રા, ભાણવડ ખાતે શ્રી વ્રજલાલ વિઠલદાસ પતાણી, કાલાવડ ખાતે શ્રી દિલીપભાઈ નથવાણી, અમરેલી ખઆતે શ્રી અનંતરાય એન. સોઢા, ધોરાજી ખાતે શ્રી રમેશભાઈ કાછેલા, ભાયાવદર ખાતે શ્રી જયંતીભાઈ લુક્કા, માણાવદર ખાતે શ્રી પરેશભાઈ ભીમજિયાણી, જામજોધપુર ખાતે શ્રી રમેશભાઈ રાયઠઠ્ઠા, ઓખા ખાતે શ્રી મનુભાઈબારાઈ, વીરપુર ખાતે શ્રી ભરતભાઈ રાજદેવ, ગોંડલ ખાતે શ્રી પ્રહલાદભાઈ, વાંકાનેર ખાતે શ્રી લલીતભાઈ પૂજારા, વેરાવળ ખાતે મહાજનવાડી, પ્રાંચી ખાતે શ્રી યોગેશભાઈ ઉનડકટ (તાલાલાવાળા), બગસરા ખાતે શ્રી ભીખુભાઈ સેજપાલ, માધવપુર ઘેડ ખાતે શ્રી નટુકાકા, જામકંડોરણા ખાતે શ્રી મહેશભાઈ કારીયા, જામખંભાળિયા ખાતે મેતાજી, ઉના ખાતે શ્રી મહેન્દ્રભાઈ ગઢેચા, બાંટવા ખાતે શ્રી ખેરજભાઈ વસંત, જામરાવલ ખાતે શ્રી સતીષભાઈ મશરૂ, રાણાવાવ ખાતે શ્રી વિજયભાઈ માખેચા, મોટી પાનેલી ખાતે શ્રી ભરતભાઈ પાબારી, જામનગર ખાતે મહાજનવાડી, મોરબી (સુધારા શેરી) ખાતે શ્રી ગીરીશભાઈ ઘેલાણી, મોરબી (રવાપર રોડ) ખાતે શ્રી વાલજીભાઈ ચગ, લાલપુર ખાતે શ્રી સુનીલભાઈ નથવાણી, ભાવનગર ખાતે શ્રી રમેશભાઈ ઠક્કર, ટંકારા ખાતે શ્રી રાજુભાઈ ભમર, રાણાકંડોરણા ખાતે શ્રી વિનયભાઈ રૂઘાણી, ખરેડી ખાતે શ્રી દામજીભાઈ રાયચુરા, ગડુ ખાતે શ્રી ચીમનભાઈ રૂપારેલીયા, જોડિયા ખાતે શ્રી પંકજભાઈ રાયમગીયા, ખાંભા ખાતે શ્રી નવલભાઈ રાજા, પાટડી ખાતે શ્રી ગોરધનભાઈ ઠક્કર, થાનગઢ ખાતે શ્રી હસુભાઈ સચદેવ, લાંબા બંદર ખાતે શ્રી ચંદુભાઈ બારાણી, ગીરગઢડા ખાતે શ્રી અનિલભાઈ વિઠલાણીનો સંપર્ક કરેલ છે અને તમામ માહિતી સાથેનું આદાન પ્રદાન કરેલ છે અને સૂચનો તથા માર્ગદર્શનો પણ મેળવેલ છે.

સંકલન : સુરેશ ચંદારાણા
વિભાગીય ઉપપ્રમુખ

## વિદર્ભ સહ મધ્યભારત

વિદર્ભ સહ મધ્યભારતના વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડાના અધ્યક્ષસ્થાને સેવાભાવી કાર્યકર્યાઓની એક સભાનું આયોજન તા.૨૧-૫-૨૦૧૭ ને રવિવારના રોજ નાગપુર મુકામે શ્રી લોહાણા મહાજન વાડી, ગાંધીબાગમાં કરવામાં આવેલ. જેમાં શ્રી નરેન્દ્રભાઈ દાવડા, શ્રી પ્રમોદભાઈ પટેલિયા, શ્રી કમલેશભાઈ વસાણી, શ્રી નિલેશભાઈ ગઢીયા, શ્રી ચંદ્રકાન્તભાઈ પોપટ તથા મહાજનના મંત્રી શ્રી રાહુલભાઈ ખખ્ખર મંચસ્થ હતા. ધ્વજવંદન સાથે સભા શરૂ થઈ. સર્વે વડીલ જ્ઞાતિબંધુઓનું વિભાગીય મંત્રી શ્રી કમલેશભાઈ વસાણીએ શાબ્દિક સ્વાગત કરેલ અને માતૃસંસ્થાના ઈતિહાસ તેમજ આ વિસ્તારના ૩૨ મહાજનો અને તેમના પેટાસમિતિઓની જાણકારી આપેલ. શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ વિદર્ભ સહ મધ્યભારતમાંથી શિક્ષણ સમિતિમાં નાગપુરના શ્રી ભાવેશભાઈ ભુપતાણી, આરોગ્ય સમિતિમાં ગઢચિરોલીના ડૉ.ચંદ્રકાન્ત ઉનડકટ, વાત્સલ્ય સમિતિમાં નરસિંગપુરના શ્રીમતી ભાવનાબેન ભરતભાઈ માનસાતા, રોજગાર સમિતિમાં બિલાસપુરના શ્રી લલિતભાઈ પુજારા, રમતગમત સમિતિમાં ગોંદિયાના શ્રી લલિતભાઈ જીવાણી, સમાધાન સમિતિમાં શ્રી ધીરૂભાઈ તન્ના, પ્રોફેશનલ સમિતિમાં નાગપુરના શ્રી સુનિલભાઈ દાવડા, આઈ.ટી. સમિતિમાં ગોંદિયાના શ્રી વિનયભાઈ રૂપારેલ, થેલેસમિયા સમિતિમાં નાગપુરના ડૉ. જયંતિભાઈ ચોટાઈ, યાત્રા પ્રવાસન સમિતિમાં અકોલાના શ્રી નંદકિશોરભાઈ દ્રોણ, છાત્રાલય સમિતિમાં વર્ધાના શ્રી અરવિંદભાઈ દ્રોણ, પર્યાવરણ સમિતિમાં અમરાવતીના શ્રી સુરેશભાઈ વસાણી, સામાજિક સુરક્ષા સમિતિમાં આકોલાના શ્રીમતી સોનલબેન ઠક્કર, કૌશલ્ય વિકાસ સમિતિમાં નાગપુરના શ્રી ભરતભાઈ નાગ્રેચા, રઘુકુળ વિશ્વ વિભાગીય સંકલક તરીકે નાગપુરના શ્રી જયપ્રકાશભાઈ વસાણીને નિયુક્ત કર્યા હતા.

ઉપરોક્ત નવનિયુક્ત પદાધિકારીયોને તેમની ફરજ તથા તેમના કાર્યોની વિસ્તૃત જાણકારી નરેન્દ્રભાઈએ સભા સમક્ષ આપેલ. આ ઉપરાંત શ્રી નરેન્દ્રભાઈએ માતૃસંસ્થાની આરોગ્ય અને શિક્ષણ સહાયની યોજના, મિસ્ડકોલ, શ્રી રઘુકુળ વિશ્વ, આંતરરાષ્ટ્રીય એવોર્ડ અને સિધ્ધપુરના આયોજન અંગે પણ સૌને જાણકારી આપેલ. થેલેસેમિયા સમિતિના વિભાગીય સંયોજક ડૉ. શ્રી જયંતિભાઈ ચોટાઈએ જ્ઞાતિ ઉપર કલંક એવો આ થેલેસેમિયા રોગના લક્ષણ અને એને નેસ્તનાબૂદ કરવાના ઉપાયો બાબત સભામાં જાણકારી આપી, વિભાગના દરેક વિભાગમાં આ થેલેસેમિયાની તપાસ હેતુ એક સેન્ટરક સ્થાપિત કરવા જેથી સર્વે જ્ઞાતિજનોને જાગૃતિ આવે. શ્રી લોહાણા મહાજનના માનદ્મંત્રી શ્રી રાહુલભાઈ ખખ્ખર, યુવા સમિતિના વિભાગીય ઉપપ્રમુખશ્રી નિલેશભાઈ ગઢિયા, વિભાગીય પૂર્વ ઉપપ્રમુખ શ્રી પ્રમોદભાઈ પટેલિયા, નવનિયુક્ત પદાધિકારીઓને શુભેચ્છા આપી હતી તેમજ ભવિષ્યમાં યુવા સંમેલનનું આયોજન તથા માતૃસંસ્થાના અન્ય તમામ ભાવિ કાર્યક્મો અંગે પણ સૌએ સંપૂર્ણ સહકાર માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

વિદર્ભ સહ મધ્યભારતના અન્ય વિસ્તારમાંથી પધારેલા સભ્યોએ અને નાસિકના મુંબઈ વિભાગના જ્યોતિબેન રાયચુરા નવનિયુક્ત વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ તેમજ માનદમંત્રી શ્રી કમલેશ વસાણીનું પુષ્પગુચ્છ આપી સત્કાર કરેલ. આભારવિધિ વિભાગીય જનસંપર્ક અધિકારી શ્રી ચંદ્રકાન્ત પોપટે સંપન્ન કરેલ.

સંકલન : કમલેશ વસાણી

## હાર્દિક શુભેચ્છા સહ




ISCON
BUILDING THE FUTURE

તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર
પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ
જયેશ ટી. કોટક - ઈસ્કોન ગ્રુપ

## હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો એ જ અભ્યર્થના સહ.

મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)

## હાર્દિક શુભેચ્છા સહ

સુરેશભાઈ એચ. ચંદારાણા પરિવાર
ઉપપ્રમુખ (સૌરાષ્ટ્ર વિભાગ), રાજકોટ
૯૮૨૪૦૬૬૩૭૫

THE FERN
HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

Nitin Raichura
98251 75353

Aan Automobile
Shri Ram Sarvjanik Hospital, Sec.
Shree Grurukupa Shraddha Realities Pvt. Ltd. Builders & Developers
Saurastra Cricket Association, Tre.
The Ferm Hotels

The Fern Residency, Kuwadva Road, Rajkot.
E-mail : nitin@sgsrgroup.com

Gadhiya Travelhub Pvt. Ltd.
Always at your service...
079 4008 2288

OUR SERVICES
- Domestic & International Air Tickets
- World Wide Hotel Booking
- Car & Bus on Rent
- Passport, Visa & Travel Insurance Assistance
- Rail & Bus Tickets
- Domestic & International Tour Packages

Address UGF-7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com



## ધવલ આચાર્ય

Managing Director
ROYAL GROUP

યુવા અધ્યક્ષ ગુજરાત વિભાગ
કન્વીનર કેન્દ્ર અને રાજ્ય સરકાર યોજના સેતુ

Royal House Opp. Karnawati Club, S.G. Highway, Ahmedabad-15
Mail Id : dhaval@royalinfra.com +91-9879100000, +91-9825250403

## હાર્દિક શુભેચ્છા સહ

શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી
પરિવાર, કોલકાતા



## થેલેસેમિયા ભગાવો... સમાજ સુરક્ષિત બનાવો...

હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧

**Jalaram Transport Co.**

FLEET OWNERS TRANSPORT
CONTRACTORS & COMMISSION AGENT

H.O. 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax 0281-2482185 / 86 - 3290613
Mobile 93773 56824 To 26
E-mail jalaram.transport@yahoo.com
E-mail jalaramtransportraj@gmail.com

**Himanshu Thakker** 9879301004 9374001004
(MBA, MCA, Doctoral Researcher)
www.himanshuthakker.com

**Expert Educate Pvt. Ltd.**
Career Counseling - Training - Publications

Hon. Services
- Shree Lohana Mahaparishad
- Shree Kutch Vagad Lohana Mahajan
- Ahmedabad Lohana Mahajan Vadi
- Shree Akhil Guj. Kutch Vagad Lohana Mahajan
- Shree Kutchi Samaj, Ahmedabad
- Green Orgon Donor's Foundation

**હાર્દિક શુભેચ્છા સહ**

**શ્રી પ્રવીણભાઈ કાનાબાર પરિવાર, મસ્કત**

**હાર્દિક શુભેચ્છા સહ**

**શ્રી હરેશભાઈ મુડિયા પરિવાર, મસ્કત**

**હાર્દિક શુભેચ્છા સહ**

**શ્રી દિનેશભાઈ પવાણી પરિવાર, મસ્કત**

**હાર્દિક શુભેચ્છા સહ**

**શ્રી જીતુભાઈ તન્ના પરિવાર, મસ્કત**

ADVOCATE +91 94284 17965

**SHYAMAL KIRIT BHIMANI**
B.com., LL.B. (HONS.)
Advocate, Gujarat High Court
406/A, Satyamev-II, Nr. Gujarat High Court,
Opp. Kargil Petrol Pump, S.G. Road, Sola, Ahmedabad-60
E-mail : shyamalbhimani.adv@gmail.com




**HARSH CLEAN DHAN PVT. LTD.**
Regd. Office : 11/2A, Pusa Road, New Delhi-110005
Factory : Maa Umiya Industrial Estate, Plot No. 176, Kapsi Bujurg,
Bhandara Road, Nagpur - 441001. Mob. : 88881 10487 Email : nagpur.woosh@gmail.com

# અંગદાન કરી મૃત્યુ બાદ પણ જીવંત રહીએ


હાર્દિક શુભેચ્છા સહ

શ્રી દિનેશભાઈ મારફતિયા
પરિવાર, જામનગર

ભરતભાઈ રેલીયા, રાજકોટ
૯૮૨૫૦ ૭૮૯૫૯

PHARMA Distributors

Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

કે. સી. ઠક્કર - ગાંધીધામ
B.E. (Civil) - Engg. & Developer
(M) : 98251 23321

ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પૂર્વ પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટીઃ શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : શ્રી લોહાણા બોર્ડિંગ (કુમાર છાત્રાલય), રાપર

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી ભરતભાઈ કોટક
અધ્યક્ષ, સ્થાયી સમિતિ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી ધર્મેશભાઈ હરિયાણી
અધ્યક્ષ, શિક્ષણ સમિતિ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી પિયુષભાઈ ગંઠા
મંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી નિલેષભાઈ કોટક
પ્રમુખશ્રી, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -

# જાહેર આમંત્રણ

## શ્રી લોહાણા મહાપરિષદ
## રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ
## આયોજિત



# શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ
# સામૂહિક માતૃતર્પણ





**માતૃગયા તીર્થ સિધ્ધપુર (જિ. પાટણ)**

**તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ (લાભપાંચમ) થી તા.૧ નવેમ્બર, ૨૦૧૭**

## કાર્યક્રમની રૂપરેખા

**પ્રારંભ**
તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ બુધવાર
કારતક સુદ પાંચમ (લાભપાંચમ)

**શોભાયાત્રા**
તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ બુધવાર
કારતક સુદ પાંચમ (લાભપાંચમ)

**સામૂહિક માતૃતર્પણ તથા આનુષ્ઠાનિક ૧૦૮ કુંડી યજ્ઞ**
તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ બુધવાર, કારતક સુદ બારસ

**સમાપન**
તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ બુધવાર , કારતક સુદ બારસ

- રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંતો, મહંતોની ઉપસ્થિતિમાં દરરોજ ચાર કલાક શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન
- વિશેષ રૂપે નિર્મિત માતૃમંદિરમાં ઋષિકુમારો / બ્રહ્મદેવો દ્વારા પોથીપૂજન તથા દરરોજ સાંજે માતૃસંસ્થાના મંચ ઉપર વિવિધ સાંસ્કૃતિક / સામાજિક / ધાર્મિક કાર્યક્રમોનું આયોજન.
- રૂા. ૧૧,૦૦૦/- ના અનુદાન થકી કોઈ પણ સભ્ય (સર્વજ્ઞાતિય) પોતાની માતાના નામે નામ નોંધાવી માતૃતર્પણ માટે રજિસ્ટ્રેશન કરાવી શકે છે. રજિસ્ટ્રેશન સાથે આપની માતાનો પોસ્ટકાર્ડ સાઈઝનો ફોટો તથા ફોર્મમાં જણાવેલ જરૂરી વિગત આપવી અનિવાર્ય છે.

### બેંકની વિગત

આપના અનુદાનનો ચેક "આરસીટી શ્રીમદ્ ભાગવત કથા સમિતિ"ના નામનો લખવો. બેંકનું નામ : કોટક મહિન્દ્રા બેંક
★ ખાતાનું નામ : આરસીટી શ્રીમદ્ ભાગવત કથા સમિતિ ★ ખાતા નંબર : 0512439640 ★ આઈએફએસ કોડ : KKRK0002582

### આપના સતત સાથ સહકાર અને આશીર્વાદની અપેક્ષા સહ....

| | | | |
|---|---|---|---|
| હિંમત કે. કોટક | યોગેશ એસ. લાખાણી -ગવર્નર | પ્રવિણ ટી. કોટક - પ્રમુખ | હિમાંશુ બી. ઠક્કર |
| નીતીન જી. પાંધી | પરેશ પી. ભૂપતાણી | ઉમંગ એચ. ઠક્કર | પિયુષ જી. ગંઠા |
| ખજાનચીઓ | વાઈસ ગવર્નર | વરિષ્ઠ ઉપપ્રમુખ | મંત્રીઓ |

**મધ્યસ્થ કાર્યાલય :** ઈસ્કોન મેગા મોલ, સેલર, એક્ઝીટ ગેટ પાસે, ઈસ્કોન મંદિરની બાજુમાં, એસ. જી. હાઈવે, અમદાવાદ-380059.

**Help Line : (079) 4009 1005, 9909999309**

# થેલેસેમિયા સમિતિ

## વિશ્વ થેલેસેમિયા દિવસ ૮ મી મે, ૨૦૧૭

સમગ્ર ભારતભરમાં 'થેલેસેમિયા મેજર' નામનાં મહાભયાનક રોગને જડમૂળથી નાબૂદ કરવાના મહક્કમ પ્રયાસ સાથે 'થેલેસેમિયા નાબૂદી અભિયાન' અંતર્ગત શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સમયાંતરે વિવિધ કાર્યક્રમો યોજાય છે. વિશેષતઃ વિશ્વ થેલેસેમિયા દિવસ અનુસંધાને શ્રી લોહાણા મહાપરિષદના નેજા હેઠળ વિવિધ ગામ કે શહેરમાં ઘણાં બધાં કાર્યક્રમો યોજાઈ ગયા જેનાં થકી આપણા સમાજમાં થેલેસેમિયા નાબૂદી અંગે વિશેષ જાગૃતિ ફેલાશે. તા.૭-૫-૨૦૧૭ ને રવિવારના રોજ અમદાવાદ ખાતે જાગૃતિ ફાઉન્ડેશન દ્વારા સી. જી. રોડ ખાતે "Happy Street" ના નેજા હેઠળ 'થેલેસેમિયા મેજર'ના મહાભયાનક રોગની ગંભીરતા પ્રસ્તુત કરી તેનાથી બચવા લગ્ન કે સગાઈ પહેલાં પરીક્ષણ ખૂબ જ જરૂરી છે. તે અંગે સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદ તરફથી શ્રી મુકેશભાઈ ગોવાણી તથા શ્રી અલ્પેશભાઈ ગોવાણી ઉપસ્થિત રહ્યા હતા. જાગૃતિ ફાઉન્ડેશનના શ્રી ડૉ. અનિલભાઈ ખત્રી એ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા થેલેસેમિયા નાબૂદી અભિયાન અંતર્ગત ચાલતા કાર્યક્રમોની પ્રસંશા કરી હતી અને શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા સમગ્ર ટીમનાં "થેલેસેમિયા મુક્ત રઘુવંશ"નાં સૂત્રને સાર્થક કરવાના મક્કમ પ્રયાસને ભવ્ય સફળતા મળે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

## ૨૮મીએ અમદાવાદમાં થેલેસેમિયા માર્ગદર્શન શિબિરનું આયોજન

સમગ્ર ભારતમાં થેલેસેમિયા નાબૂદી માટે કામ કરતી સંસ્થાઓનો એકબીજા સાથે પરિચય કેળવાય તેમજ સમગ્ર ભારત અને વિશ્વમાંથી થેલેસેમિયા નાબૂદ થાય તેમજ જેમને થેલેસેમિયા છે તેવા બાળકોને નિષ્ણાત તબીબી માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા હેતુથી થેલેસેમિક્સ ગુજરાત સંસ્થા દ્વારા સમગ્ર ભારતના થેલેસેમિયા પીડીત બાળકો માટે તા.૨૮ના રવિવારે અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારકના ઓડિટોરીયમ હૉલ શાહીબાગ ખાતે રાષ્ટ્રીય માર્ગદર્શન શિબિર ૨૦૧૭ નું આયોજન થયેલ. આ શિબિરમાં થેલેસેમિક્સ બાળકો, તેમના વાલીઓ, સિમ્સ હોસ્પિટલના ડૉ. અમિત ચિતલિયા, ડૉ. ધીરેન શાહ, વેલ્લુરથી તેમજ દિલ્લીથી નિષ્ણાંત ડૉક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી લોહાણા મહાપરિષદને પણ થેલેસેમિયા નાબૂદી માટે ઉત્કૃષ્ઠ કામગીરી માટે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ભરતભાઈ ઉનડકટ, શ્રી અલ્પેશભાઈ જાબેનપુત્રા, શ્રી મિત્તલભાઈ ખેતાણી તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. થેલેસેમિયા સોસાયટી ગુજરાતના મુખ્ય સૂત્રધાર શ્રી પ્રફુલભાઈ જાષી દ્વારા આયોજીત આ કાર્યક્રમને અભૂતપૂર્વ સફળતા સાંપડી હતી. કાર્યક્રમ પુર્ણ થયા બાદ થેલેસેમિયા મેજર બાળકોને માઉન્ટ આબુ તેમજ અંબાજી લઈ જવાયા હતા જેમાં અંબાજી ખાતે શ્રી પ્રવિણભાઈ કોટકના સૌજન્યથી ઈસ્કોન અંબેવેલી ખાતે વ્યવસ્થા કરાઈ હતી. તેમજ નવભારત ટૂર્સના શ્રી નિતીનભાઈ ઠક્કર દ્વારા રાહત દરે બસની વ્યવસ્થા કરાયેલ.

## ૪ જૂન ૨૦૧૭ : રેડ ક્રોસ ભવન, અમદાવાદ

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા અત્યાર સુધી હજારોની સંખ્યામાં થેલેસેમિયા રક્ત પરિક્ષણ કેમ્પ કરવામાં આવેલા છે. દાતાશ્રીઓના સહયોગથી શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આ ટેસ્ટની રકમ રેડક્રોસ સોસાયટીને ચૂકવવામાં આવે છે. તા.૪ જૂન ૨૦૧૭ ના રોજ રેડક્રોસ સંકુલ વાડજ ખાતે આધુનિક બિલ્ડિંગનું લોકાર્પણ થયું જેનું નામ થેલેસેમિયા સેન્ટર રાખવામાં આવેલ છે. આ બિલ્ડિંગમાં અત્યાધુનિક લેબ તથા થેલેસેમિયા પીડિત બાળકોને શક્ય તમામ રીતે મદદરૂપ થવા માટે ગુજરાત સરકારના તેમજ દાતાશ્રીઓના સહયોગથી યોગ્ય વ્યવસ્થા ઊભી કરાયેલ છે. સવારે ૧૦.૩૦ કલાકે આયોજીત આ કાર્યક્રમમાં રેડક્રોસ ગુજરાતના ચેરમેન ડૉ. શ્રી ભાવેશભાઈ આચાર્ય દ્વારા સુંદર સંકલન કરી રેડક્રોસ ગુજરાતની ટીમ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, આરોગ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષ ડૉ.નીમાબેન આચાર્ય, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર,ભાવનગરથી શ્રી સુમિતભાઈ ઠક્કર, ખંભાળિયાથી શ્રી કિરીટભાઈ મજીઠીયા, ગુજરાત યુવા અધ્યક્ષ શ્રી ધવલભાઈ આચાર્ય, થેલેસેમિયા સમિતિના શ્રી અલ્પેશભાઈ જોબનપુત્રા, શ્રી અલ્પેશભાઈ ગોવાણી તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. રક્તદાનને પણ ગતિશીલ બનાવવા અનેક કાર્યક્રમો અને યોજનાઓ જાહેર કરાઈ હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં થતા ટોટલ બ્લડ કલેકશનમાં અંદાજે ૨૦ ટકા જેટલો સહયોગ રેડક્રોસ સોસાયટી દ્વારા પ્રાપ્ત થાય છે. પોલીયોની જેમ મેલેરિયા કે થેલેસેમિયા નાબૂદી માટે પણ રાજ્ય સરકારની સાથે સાથે સમાજ સેવી સંસ્થાઓ દ્વારા આગળ વધી રહી છે ત્યારે ચોક્કસ પરિણામો હાંસલ કરી શકાશે નાનાં બાળકોના HLA ટેસ્ટ સત્વરે કરી જાણકારી મેળવવાથી બોર્ન મેળો ટ્રાન્સપ્લાન્ટને સફળ બનાવી શકાય છે જેનો પણ તમામ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ફાળવવાની જાહેરાત મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવેલ.

સંકલન : ભરત ઉનડકટ
રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ

# પર્યાવરણ સમિતિ

તા.૧૩-૫-૧૭ ના રોજ શ્રી જલારામ - ચોટીલા ખાતે શ્રી લોહાણા મહાપરિષદની પ્રેરણાથી લગ્ન વિષયક સમિતિ દ્વારા જીવનસાથી પરિચય પસંદગી મેળાનું આયોજન કરવામાં આવેલ જેમાં નવયુવાનોમાં પર્યાવરણ અંગે જાગૃતિ લાવવાના આશ્રયથી શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ દ્વારા વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવેલ જેમાં શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, શ્રી જલારામ ધામ ચોટીલાના પ્રમુખ શ્રી ધીરૂભાઈ રાજા, પર્યાવરણ સમિતિના સૌરાષ્ટ્રના ઉપાધ્યક્ષ શ્રી શૈલેષભાઈ ઠક્કર, શ્રી લોહાણા મહાપરિષદના અગ્રણીઓ શ્રી મિતલભાઈ ખેતાણી તથા અશોકભાઈ હિંડોચા સહિત વિવિધ અગ્રણીઓની હાજરીમાં લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. શ્રી જલારામધામ ચોટીલામાં વૃક્ષારોપણની પ્રેરણા માટે શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી હિમાંશુભાઈ ઠક્કર તેમજ શ્રી હસમુખભાઈ દાવડાનો પર્યાવરણ સમિતિ ખૂબ ખૂબ આભાર માને છે.

પર્યાવરણ સમિતિ દ્વારા "નેશનલ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કોમ્પિટિશન-૨૦૧૬" યોજાયેલ જેના અલગ અલગ એજ ગ્રુપના ૧૫ વિજેતાઓની જાહેરાત શ્રી લોહાણા મહાપરિષદની કલકતા ખાતે યોજાયેલ મધ્યસ્થ મહાસમિતિમાં કરવામાં આવેલ. એ મુજબ ત્રણેય કેટેગરીના પહેલા વિજેતાને રૂા. ૧૦૦૧/-, બીજા વિજેતાઓને ૭૫૧/- તથા ત્રીજા, ચોથા અને પાંચમા વિજેતાઓને ૫૦૧/-નો ચેક તથા પ્રમાણપત્ર, સ્થાનિક લોહાણા મહાજન / રઘુવંશી સંસ્થાને ઉદેશીને વિજેતાને પ્રોત્સાહિત કરવાનો વિનંતી પત્ર, કવરિંગ લેટર સાથે નેશનલ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કોમ્પિટિશન - ૨૦૧૬ના પંદરેય વિજેતાઓને રજિસ્ટર્ડ બાય પોસ્ટ વીથ એ.ડી. મોકલાવેલ છે. પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ આ સાથે પર્યાવરણ સમિતિના સર્વે મેમ્બર્સ,, શ્રી લોહાણા મહાપરિષદના સર્વે સભ્યો, શ્રી લોહાણા મહાપરિષદના સર્વે ઓફિસ બિયરર્સ તથા સર્વે રઘુવંશીઓને, નેશનલ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કોમ્પિટિશન-૨૦૧૬ને સફળ બનાવવા માટે આભાર માને છે. આ કોમ્પિટિશનના વિજેતાઓના ઈનામ શ્રી શૈલેષભાઈ ગોવાણી (ઠક્કર) ઉપાધ્યક્ષ (સૌરાષ્ટ્ર વિભાગ), પર્યાવરણ સમિતિ દ્વારા સ્પોન્સર કરવામાં આવેલ તથા આ કોમ્પિટિશનનું સંકલન પર્યાવરણ સમિતિના મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા તથા પર્યાવરણ સમિતિના ગુજરાત વિભાગના મંત્રી શ્રી નિલેશભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિ એમને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.

તા.૨૯-૫-૧૭ ના રોજ 'મેકિંગ અ ડિફરેંસ ગ્રુપ', જય જલિયાણ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ તથા પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા અમદાવાદના વેજલપુર ખાતે પક્ષીઓ માટેનાં પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પર્યાવરણ સમિતિના શ્રી કિરીટભાઈ ભીમાણી, અક્ષયભાઈ ઠક્કર, નિલેશભાઈ ઠક્કર, અલ્પેશભાઈ ગોવાણી તથા થેલેસેમિયા સમિતિના મુકેશભાઈ ગોવાણી હાજર રહેલ.

તા. ૨૭-૫-૨૦૧૭ ના રોજ નાગપુર ખાતે પર્યાવરણ સમિતિ, વિદર્ભ સહ મધ્યભારત વિભાગ દ્વારા પક્ષીઓ માટેના પાણીનાં કુંડાનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદનાં નરેન્દ્રભાઈ દાવડા તથા કમલેશભાઈ વસાણી હાજર રહેલ. તા. ૨૭-૫-૧૭ના રોજ શ્રી રઘુરામભાઈ ઠક્કરના અમૃતપર્વના અવસરે અમદાવાદના બેબીલોન ક્લબ ખાતે ૭૫ વૃક્ષો વાવવામાં આવેલ તથા ૭૫ થેલેસેમિયા સ્ક્રેનીંગ ટેસ્ટ કરેલ તથા ૭૫ વ્યક્તિઓએ રક્તદાન કરેલ. આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા કિરીટભાઈ ભીમાણી હાજર રહેલ.



નાગપુર



અમદાવાદ



# આરોગ્ય સમિતિ



**આરોગ્ય સમિતિ દ્વારા રઘુવંશી પરિવારોના સ્વાસ્થ્ય સંરક્ષણના ભગીરથ યજ્ઞરૂપી કાર્યમાં સહયોગ હેતુ અપીલ**

**શ્રી લોહાણા મહાપરિષદ સમગ્ર રઘુવંશી સમાજના સર્વાંગી વિકાસ અને સંવર્ધન અર્થે નિષ્ઠાપૂર્વક સક્રિયતા ધરાવે છે.**

આરોગ્ય સમિતિ છેલ્લાં ઘણા સમયથી સતત પ્રયત્નપૂર્વક આ કાર્યને વ્યાપક બનાવી રહી છે. આરોગ્ય ક્ષેત્રે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ રઘુવંશી પરિવારોને અત્યાર સુધી રૂપિયા ૨ કરોડથી વધુ આર્થિક સહાય આપેલ છે, પરંતુ હજુ અનેકગણી વધુ મદદની આવશ્યકતા હોઈ આપને ટહેલ નાંખી રહ્યા છે. આપ એક રઘુવંશી તરીકે આર્થિક સહયોગ આપી આ સ્વાસ્થ્ય મિશનને વધુ મજબૂત બનાવી શકો છો. જો આપ એક ડૉક્ટર હોવ તો આપની હોસ્પિટલમાં સેવાનો સંકલ્પ જાહેર કરી શકો છો. સૌથી વધુ હૃદયરોગ - બાયપાસ સર્જરી, કીડનીના ઓપરેશન અને કેન્સરના ઓપરેશન માટે સૌથી વધુ આર્થિક સહાયની અરજી મહાપરિષદ પાસે આવે છે. આપનો મહત્તમ સહયોગ મળશે જ એવી શ્રદ્ધાપૂર્વક વિનંતી.

ડૉ. નરેશભાઈ સૂચક - ૮૭૫૮૩૭૧૭૧૭ ● ડૉ. ભવદીપ ગણાત્રા - ૯૮૨૫૪૯૭૫૮૮

## રઘુવંશી ડોક્ટર્સને અપીલ

જય જલારામ

આપ સૌ રઘુવંશી ડૉક્ટર્સને ખાસ જણાવવાનું કે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા આરોગ્ય સમિતિ દ્વારા એક સંકલ્પપત્ર તૈયાર કરવામાં આવેલ છે.

સંકલ્પપત્ર અનુસાર અમો આપ સૌ લોહાણા ચિકિત્સકને અપીલ કરીએ છીએ કે આપ આપનાથી બનતી આરોગ્યલક્ષી જે કોઈ સેવા આપવા ઈચ્છતા હો તે આપ જણાવશો. જેથી વધુ વધુ જરૂરિયાતમંદ રઘુવંશી પરિવારો આપની સેવાનો લાભ મળી શકે.

સંકલ્પ પત્ર અંગેની સંપૂર્ણ માહિતી માટે સંપર્ક સૂત્ર

● ડૉ. નરેશભાઈ સૂચક : ૮૭૫૮૩૭૧૭૧૭ ● ડૉ. કુણાલ માણેક - ૯૮૯૮૫૦૦૨૨૫ ● ડૉ. ભવદીપ ગણાત્રા : ૯૮૨૫૪૯૭૫૮૮

શ્રી લોહાણા મહાપરિષદ: (૦૭૯) ૪૦૦૯ ૧૦૦૫

સંકલ્પપત્ર શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટ **www.lohanamahaparishad.org** પર ઉપલબ્ધ છે.

દર મહિનાના પ્રથમ શનિવારે સાંજે ૭.૦૦ થી ૮.૩૦ સુધી મધ્યસ્થ કાર્યાલય, ઈસ્કોન મેગા મૉલ, એસ. જી. હાઈવે, અમદાવાદ ખાતે આરોગ્ય સમિતિની બેઠકમાં જોડાવા સૌ નિષ્ણાંત રઘુવંશી ડૉક્ટરોને આમંત્રણ છે.

સંકલન : ડૉ. દક્ષા સૂચક



# બિઝનેસ ડેવલપમેન્ટ એન્ડ પર્સનાલિટી ડેવલપમેન્ટ સમિતિ



મને જામનગર ખાતે બીઝનેસ ડેવલપમેન્ટ તથા પર્સનાલીટી ડેવલપમેન્ટ કમીટીની જવાબદારી સોંપાયા બાદ નીચે મુજબના સ્થળોએ થોડું કાર્ય કરવાની કોશિશ કરવામાં આવેલ છે. દરેક શહેરના મહાજનોએ ઉમદા આવકાર આપી સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. જેમાં માલેગાંવ મુકામે યોજાયેલ કાર્યક્રમમાં ૮૦ સભ્યો, ધુલિયા મુકામે યોજાયેલ કાર્યક્રમમાં ૧૦૦ સભ્યો, નાસિક મુકામે યોજાયેલ કાર્યક્રમમાં ૧૫૦ સભ્યો, ઔરંગાબાદ મુકામે યોજાયેલ કાર્યક્રમમાં ૬૦ સભ્યો, પૂણે મુકામે યોજાયેલ કાર્યક્રમમાં ૩૫૦ સભ્યો, અમદાવાદ મુકામે યોજાયેલ કાર્યક્રમમાં ૩૦૦ સભ્યો તથા બદલાપુર મુકામે યોજાયેલ કાર્યક્રમમાં ૨૦૦ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આવતા ૪ મહિનામાં મુંબઈ, વડોદરા, રાજકોટ, હૈદરાબાદ પર્સનાલિટી ડેવલપમેન્ટ તથા બિઝનેસ ડેવલપમેન્ટ કાર્યક્રમ કરવા વાટાઘાટો ચાલુ છે. ૧૨ મહિનામાં ૧૨ જગાએ પહોંચી શ્રી લોહાણા મહાપરિષદનો ધ્વજ ફરકતો રાખવા પ્રયાસ ચાલુ છે.

**સંકલન : દિગ્વિજય કાપડીયા, નાસિક**
**રાષ્ટ્રીય અધ્યક્ષ**

# શિક્ષણ સમિતિ

તા. ૨૩-૪-૨૦૧૭ના રોજ યુપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વધુ ને વધુ સંખ્યામાં રઘુવંશી દીકરા-દીકરીઓ પ્રોત્સાહિત થાય અને પસંદગી પામેલા વિદ્યાર્થીઓને સંપૂર્ણ માર્ગદર્શન અને જરૂરી સાહિત્ય તેમજ પ્રશિક્ષણ મળે તેવા શુભ આશયથી આવા રસ ધરાવતા વિદ્યાર્થીઓને માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પર આમંત્રિત કરવામાં આવેલ. જેમાંથી સુંદર શૈક્ષણિક કારકિર્દી, કૌટુંબિક અનુકૂળતા અને અન્ય ગુણવત્તાના આધારે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. ઈન્ટરવ્યૂના આ આયોજનમાં માતૃસંસ્થાના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી દિલીપભાઈ પંખી, શ્રી વસંતભાઈ અનડકટ જોડાયા હતા. આગામી ટૂંક સમયમાં આ વિદ્યાર્થીઓને ફરી આમંત્રિત કરી સંપૂર્ણ માર્ગદર્શન અને પ્રશિક્ષણ શરૂ કરાવવામાં આવશે.

સંકલન : ધર્મેશ હરિયાણી
રાષ્ટ્રીય અધ્યક્ષ

# સામાજિક સુરક્ષા સમિતિ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ભારતભરમાં વસતા જરૂરિયાતમંદ પરિવારો કે જેમના કુટુંબમાંથી કમાતી વ્યક્તિનું અકાળે અવસાન થાય અને તેવા પરિવારો કે જેમની પાસે કોઈ પણ પ્રકારની વીમા પોલીસી નથી તેમના માટે મહાજનશ્રીઓને આ દિશામાં પોતાની કારોબારી સમિતિમાં ચર્ચા કરી પોતાના શહેર કે ગામના કુલ સભ્યોના વધુમાં વધુ ૧૫% કે જેમના માટે રૂા. ૧ લાખનું વીમા કવચ આવા પરિવારને મળે તે માટે પોતાના વિચારોનું યોગ્ય સંકલન કરી મહાજનશ્રી દ્વારા તેનું પ્રીમિયમ સ્થાનિક કક્ષાએ ભરી તેની જાણ શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર કરેથી આવા ભરાયેલા પ્રીમિયમની રકમના ૭૦% આર્થિક સહયોગ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જે તે મહાજનના બેંક એકાઉન્ટમાં જમા આપવામાં આવશે. આ યોજનાનો લાભ બીપીએલ કાર્ડ ધરાવતા કે મર્યાદિત આવક ધરાવતા જરૂરિયાતમંદ પરિવારોને સીધો મળે તે માટે "પ્રધાનમંત્રી જીવન જ્યોતી વિમા યોજના" PMJJBY રૂા. ૩૩૦/- અંકે રૂપિયા ત્રણસો ત્રીસ રૂપિયા ભરવાથી રૂા. ૨,૦૦,૦૦૦/- બે લાખ પુરાનું જીવન વીમા કવચ આપે છે.

"પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના" PMSBY રૂા. ૧૨/- અંકે રૂપિયા બાર પુરા ભરવાથી રૂા. ૨,૦૦,૦૦૦/- બે લાખ પૂરાનું અકસ્માત વીમા કવચ આપે છે. આ બંને યોજના સમગ્ર દેશ માટે છે. આ બંને પોલીસી દરેક વ્યક્તિ પોતાનું ખાતું જે બેંકમાં હોય તે બેંકનો સંપર્ક કરી મેળવી શકે છે. આવા જરૂરિયાતમંદ પરિવારોએ ભરેલી વીમા પ્રીમીયમની રકમ મહાજન ભરપાઈ કરશે તો ભરાયેલા પ્રીમીયમની રકમના ૭૦% રકમ આર્થિક સહયોગ તરીકે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જે તે મહાજનના બેંક એકાઉન્ટમાં જમા આપવામાં આવશે.

મહાજનશ્રી કારોબારી સમિતિમાં આ યોજના અંગે ચર્ચા કરી આવા લાભાન્વિત થનારા દરેક પરિવારોની યાદી બનાવી પ્રીમીયમ ભરપાઈ કરી શ્રી લોહાણા મહાપરિષદના કાર્યાલય પર જાણ કરવાથી આવી આર્થિક સહયોગની રકમ જે તે મહાજનના બેંક એકાઉન્ટમાં જમા આપવામાં આવશે. જેથી દરેક મહાજનને આ યોજનાનો લાભ લેવા હાર્દિક અપીલ કરવામાં આવે છે. આ ઉપરાંત આરોગ્ય સમિતિ સાથે પણ જરૂરી સંકલન કરી આ પ્રકારની યોજના દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને રૂા. ૧,૦૦,૦૦૦/- સુધીની રકમનો મેડિક્લેમ મેળવવા માટે યોજના આગામી અંકમાં વિગતવાર પ્રસિદ્ધ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારશ્રી દ્વારા મા કાર્ડ/ વાત્સલ્ય કાર્ડની યોજના અંતર્ગત પરિવારની પાંચ વ્યક્તિઓને ચોક્કસ બીમારીઓ માટે રૂા. ૨,૦૦,૦૦૦/- સુધીના ખર્ચની જવાબદારી સરકારશ્રી દ્વારા વહન કરવામાં આવે છે. જે સારવાર માટે સરકારી દવાખાના સાથે ૯૮ જેટલી ખાનગી હોસ્પિટલ પણ સરકારશ્રીએ માન્ય કરેલ છે

સંકલન : શ્રી નટુભાઈ આચાર્ય
રાષ્ટ્રીય અધ્યક્ષ

# સંસ્થા સમાચાર

## રાપર

છેલ્લા ૨૯ વર્ષથી આપણી આ સંસ્થા લોહાણા સમાજની દિકરીઓના શિક્ષણ અને ઘડતરનું કાર્ય કરી રહી છે. સંસ્થાનો મૂળભૂત હેતુ સંસ્કાર સાથેનું શિક્ષણ આપવાનો છે. સંસ્થામાં કોઈપણ જાતના વાડાભેદ કે પ્રદેશભેદ વગર લોહાણા સમાજની દિકરીને કોઈ પણ જાતની ફી લીધા સિવાય અભ્યાસ કરાવાય છે. દિકરીઓને રહેવા, જમવા, પાઠ્ય પુસ્તક, તેલ, સાબુ, કપડાં, બુટ-મોજાં, ટ્યુશન, દવા વગેરે સગવડ સમાનતાના ધોરણે અપાય છે. એટલે કે સંસ્થામાં દાખલ થતી દિકરીને તમામ સુવિધા સંસ્થા પૂરી પાડે છે. અત્યાર સુધીમાં ગુજરાતના કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, સુરેન્દ્રનગર, ખેડા, આણંદ વગેરે જીલ્લાઓની અને મુંબઈ સહિતની લગભગ ૨૫૦૦ જેટલી બાળાઓ અભ્યાસ કરી ગયેલ છે.

સંસ્થાના પ્રાંગણમાં જ ધો. ૧ થી ૮ સુધીની માતુશ્રી વીરબાઈમા કન્યા વિદ્યાલય ચલાવાય છે. ધો. ૯થી ૧૨ની બાળાઓને બાજુમાં જ પાટીદાર સમાજ સંચાલિત શ્રી સરસ્વતી કન્યા વિદ્યાલયમાં અભ્યાસ માટે મોકલાય છે. સંસ્થા દ્વારા દર વર્ષે નાના-મોટા પ્રવાસો પણ યોજાય છે, જે પણ સંસ્થાના ખર્ચે જ કરવામાં આવે છે. બાળા પાસેથી કાંઈ જ લેવામાં આવતું નથી.

સંસ્થાની સંસ્કાર, જીવન ઘડતર સાથેના શિક્ષણની આગવી પ્રણાલિકાને લીધે ઘણી બાળાઓ સ્કુલમાં જવાને બદલે જીવન ઘડતરના ક્લાસમાં દાખલ થાય છે. જેને ઉંમરના પ્રમાણમાં એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે પરીક્ષાઓ અપાવાય છે. આ રીતે પણ બાળાઓએ ધો. ૧૦ કે ૧૨ પાસ કરેલ છે. વિશેષમાં ચાલુ વર્ષથી સંસ્થાના પ્રાંગણમાં જ શ્રી લોહાણા મહાપરિષદની ભલામણથી, સરકારશ્રીના આઈ.ટી.આઈ. વિભાગ દ્વારા કોમ્પ્યુટર, સિવણ, બ્યુટીપાર્લર અને સ્પોકન ઈંગ્લીશના ક્લાસો શરૂ કરાશે, જેમાં અભ્યાસ કરતી હોય અથવા જીવન ઘડતર વર્ગમાં દાખલ થનાર બાળાને આ વર્ગોમાં તાલીમ અપાવાશે. બાદમાં એનું પ્રમાણપત્ર પણ સરકારશ્રી દ્વારા અપાશે. આ પ્રમાણપત્રના આધારે બાળા સરકારી કે પ્રાઈવેટ કંપનીમાં નોકરી મેળવી શકશે. બાળા ઈચ્છે તો આ પ્રમાણપત્રના આધારે લોન પણ મેળવી પોતાનો ઘેરબેઠાં ધંધો શરૂ કરી શકશે. આમ લોહાણાની દિકરીઓ પગભર પણ થઈ શકશે. આમ સરવાળે બાળા શિક્ષણની સાથોસાથ અન્ય તાલીમો પણ મેળવી શકશે. સંસ્થા દ્વારા બાળાની કોઈ જ ફી લેવામાં આવતી નથી. સંસ્થાને હાલે વાર્ષિક ૪૦ થી ૫૦ લાખ જેટલો ખર્ચ થાય છે. જે દર વર્ષે સમાજના નાના-મોટા દાતાઓ પાસેથી મેળવાય છે. ભગવાનની કૃપા, સંતાનો આશીર્વાદ અને સમાજની ભલી લાગણીથી ક્યારેય આર્થિક ભીડ પડી નથી. સંસ્થાનો મૂળભુત હેતુ સમાજની દિકરીઓનો સર્વાંગી વિકાસ રહેલો છે. સંસ્થા અંગે વધુ માહિતીની જરૂર જણાય તો મો. ૯૯૨૫૭ ૩૬૯૯૬ ૩ પર સંપર્ક કરી શકાય છે.

સંકલન : મહેન્દ્ર ઠક્કર

## ઓખા

ઓખા : ઓખામાં પ્રથમ જ રઘુવંશી મહિલા મંડળ દ્વારા એક બ્લડ ડોનેશનનું તા. ૪-૫-૨૦૧૭ના રોજ આયોજન કરવામાં આવેલ. વિશેષમાં આ કેમ્પનું સંપૂર્ણ મેનેજમેન્ટ માનદ સલાહકાર શ્રી ડૉ. પુષ્પાબેન સોમૈયા, પ્રમુખ શ્રી હીનાબેન બારાઈ, ઉપપ્રમુખ શ્રીમતી સુપ્રિયાબેન ચંદારાણા, સેક્રેટરી મીનાબેન ધોકાઈ, ચેતનાબેન ગોકાણી દ્વારા કરવામાં આવેલ તથા કેમ્પ દરમ્યાન રક્તદાન રઘુવંશી મહિલાઓએ જ કરેલું. ૪૦ મહિલાઓએ રક્તદાન માટે પહેલ કરેલ ઓખાના છેવાડા જેવા વિસ્તારમાં તાજેતરમાં જ સ્થાપિત થયેલ રઘુવંશી મહિલા મંડળ દ્વારા સમાજને ઉપયોગી બે સફળ પ્રયાસ કરવામાં આવ્યા. પહેલા થેલેસેમિયા જાગૃતિ અને થેલેસેમિયા ટેસ્ટીંગ જેમાં ૧૦૬ રઘુવંશી બાળકોના ટેસ્ટીંગ કરવામાં આવ્યા જે પોઝેટીવ આવ્યા. જેઓના માતા-પિતા પ્રત્યક્ષ કાઉન્સેલીંગ કરવામાં આવ્યું. મહિલા બ્લડ ડોનેશન કેમ્પના આયોજન પૂર્વ જાગૃતિ તથા પરિસંવાદનો તા. ૨૫-૪-૨૦૧૭નાં દિવસે રાખવામાં આવેલ, જેમાં ગુજરાત સ્ટેટ કાઉન્સીલ બ્લડ ટ્રાન્સફ્યુઝન પ્રમાણે રક્તદાન વિશેની સંપૂર્ણપણે માહિતી આપવામાં આવેલ. મહિલાઓની આ પહેલને આપણે સૌ બિરદાવીએ.

સંકલન : ડૉ. પુષ્પાબેન સોમૈયા

## મુંબઈ

શ્રી લોહાણા મહાપરિષદ ઉત્તર-પૂર્વ વિભાગ મહિલા સમિતિ તથા રઘુવંશી ફોરમ મહિલા વિભાગના સંયુક્ત ઉપક્રમે શ્રી નાથદ્વારા દર્શન પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોલકાતાથી ૪૧ બહેનો તા. ૧૮-૩-૨૦૧૭ના રોજ હાવરા પોરબંદર એક્સપ્રેસ ટ્રેન દ્વારા રવાના થઈ તા. ૨૦-૩-૨૦૧૭ના રોજ સવારે ૯.૦૦ કલાકે અમદાવાદ પહોંચ્યા. અમદાવાદ સ્ટેશને શ્રીમતી શીલાબેન ભુપતાણી, શ્રીમતી પ્રવિણાબેન પોપટ, શ્રીમતી જાગૃતિબેન કોટક તેમજ શ્રીમતી અમિતાબેન કારિયા તેઓને લેવા આવેલા. જાગૃતિબેન અને અમિતાબેન દ્વારા નાસ્તાની તેમજ શીલાબેન અને પ્રવિણાબેન દ્વારા જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. કોલકાતાથી અમદાવાદ પ્રવાસ દરમિયાન રસ્તામાં બિલાસપુર સ્ટેશને ભારતીબેન જોબનપુત્રા તરફથી નાસ્તાની તેમજ રાયપુર સ્ટેશને છાયાબેન, નીતાબેન, યશવંતભાઈ તથા તરૂણભાઈ દ્વારા ફળ અને લીંબુ શરબતની વ્યવસ્થા કરવામાં આવી હતી. દુર્ગ સ્ટેશને શૈલેષભાઈ અને મિનેશભાઈ ઠકરાર તરફથી બપોરના ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ. ફરી સાંજે નાગપુર સ્ટેશને કિરીટભાઈ કારીયા, રાજેશભાઈ ખખ્ખર, વસંતભાઈ ખખ્ખર, હરેન્દ્રભાઈ તન્ના, ધર્મેન્દ્રભાઈ કટારીયા, કેતનભાઈ કટારીયા તથા જીતુભાઈ રૂપારેલિયા દ્વારા સુંદર ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. અમદાવાદ સુધીના પ્રવાસ દરમિયાન સૌએ ભજન-કિર્તન, વિવિધ પ્રકારની રમતગમત માણી આનંદ કિલ્લોલ કર્યો. અમદાવાદ સ્ટેશને શ્રી નાથદ્વારા જવા માટે વાતાનુકુલિત બસની વ્યવસ્થા કરી હતી જેમાં ૧૦ વાગે રવાના થઈ સાંજે ૬.૦૦ વાગે શ્રીનાથદ્વારામાં દામોદર ધામ ઉતારા સ્થળે પહોંચી ગયા. નાહીને સર્વેએ દર્શન કર્યા. તા. ૨૧ના સવારના કાંકરોલી દર્શને ગયા ત્યાં રાજભોગ ધરાવ્યો. ગૌશાળામાં ગાયોને લાપસી ખવડાવવાનો લાભ સૌએ લીધો હતો. પ્રસાદ લઈ ઉતારે પાછા ફર્યા હતા. તા. ૨૨ના સવારે મંગળા માટે અપરસમાં મંદિરની ભીતરમાં દામિનીબેન કટારીયાના સંચાલનમાં ઠાકોરજીની સેવાનો લાભ લીધો હતો. એ દિવસે ઠાકોરજીએ લીલા વસ્ત્ર ધારણ કર્યા હતા અને સંજોગથી કોલકત્તાની સહ વૈષ્ણવબહેનોએ પણ એક સરખી લીલા રંગની સાડી પહેરી હતી. સાંજે સૌ દર્શન કરી દામોદરધામ પાછા ફર્યા. ત્રીજે દિવસે સવારે મંગળા, શ્રીંગાર, ગ્વાલના દર્શન, ભોજન કરી અમદાવાદ જવા માટે રવાના થયા. રસ્તામાં હાઉસી, અંતાક્ષરી રમતા અમદાવાદ સ્ટેશને પહોંચ્યા. તા. ૨૪ના ગોંદિયા સ્ટેશન પર તથા તા. ૨૫ ટાટાનગર સ્ટેશન પર જમવાની વ્યવસ્થા શ્રી કરશનભાઈ, શ્રી સતીશભાઈ, શ્રી હિતેશભાઈ તથા સુશ્રી હિનાબેન રાજાએ કરી હતી. ગોંદિયા મહિલા મંડળે દરેક બહેનોનું ઉપરણા અર્પણ કરી સન્માન કર્યું હતું. તા. ૨૫ના સૌ સહ કુશળ કોલકાતા પહોંચ્યા. સૌના ચહેરા પર પ્રવાસ તથા પ્રભુદર્શનનો આનંદ છલકાતો હતો.

## અમદાવાદ

શ્રી અમદાવાદ લોહાણા મહાજનવાડી ટ્રસ્ટની સાધારણ સભા ૨૭ મે, ૨૦૧૭ને શનિવારના રોજ કાંકરીયા વાડી ખાતે મળી. જેમાં સંસ્થાના ટ્રસ્ટી મંડળ, કારોબારી સભ્યો તેમજ દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.રઘુવંશી ધ્વજવંદન ગીતથી શરૂ થયેલ આ મીટિંગમાં ગત તા. ૨૦-૫-૨૦૧૬ ના રોજ મળેલી વાર્ષિક સાધારણ સભાની બેઠકની મિનિટ્સનું વાંચન અને બહાલી મેળવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૬-૧૭ ના તૈયાર થયેલા (ઓડિટ કરવા રજૂ કરેલા) વાર્ષિક હિસાબો વંચાણે લઈ મંજૂર કરી બહાલી મેળવી હતી. સપ્ટેમ્બર-૨૦૧૪ થી એપ્રિલ - ૨૦૧૭ સુધીના લગભગ અઢી વર્ષ દરમિયાન ચાલેલા વાડીના નવીનીકરણનો અહેવાલ તથા મળેલ કુલ અનુદાન અને કુલ ખર્ચની વિગતોની રજૂઆત કરી મંજુરી અને બહાલી મેળવી હતી. આધુનિકરણ પામેલી વાડીની મિલકતનો સમાજોપયોગી પ્રવૃત્તિઓ માટે મહત્તમ ઉપયોગ થાય તે માટે નવી ટીમની રચના કરવાની જાહેરાત કરી અને વિવિધ સમિતિઓના ગઠનની જાહેરાત પણ કરવામાં આવી હતી. છેલ્લા વર્ષ દરમિયાન ટ્રસ્ટી મંડળ તથા મેનેજિંગ કમીટીની સંયુક્ત બેઠકમાં સૈદ્ધાંતિક નિર્ણયોની રજૂઆત તથા બહાલી મેળવી હતી. સંસ્થાના પ્રમુખ શ્રી ભગવાનજીભાઈ ચંદારાણા તથા મહામંત્રી શ્રી યોગેશભાઈ લાખાણીએ વાડીના વિકાસમાં તન, મન અને ધનથી સાથે રહેલ ટીમના તમામ સભ્યોનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ તબક્કે સંસ્થાના પ્રમુખ તરીકે શ્રી અંજનભાઈ કોટક, મહામંત્રી તરીકે શ્રી રાજીવભાઈ રવાણી તેમજ અન્ય હોદ્દેદારો અને વાડીના સુવ્યવસ્થિત વહીવટ માટે વિવિધ સમિતિઓની રચના કરી તમામ સેવાભાવી વ્યક્તિઓને આ જવાબદારીની વહેંચણી કરી હતી જેને ઉપસ્થિત સૌ સભ્યોએ સહર્ષ વધાવી હતી. મહામંત્રી શ્રી રાજીવભાઈ રવાણીએ સ્ટીયરીંગ કમિટીના ચેરમેન તરીકે શ્રી યોગેશભાઈ લાખાણી અને વાઈસ ચેરમેન તરીકે શ્રી પરેશભાઈ ભૂપતાણીની નિમણૂંકના પ્રસ્તાવને સૌ સભ્યોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો. આ મીટિંગમાં માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક પણ ઉપસ્થિત રહ્યા હતા અને વાડીની સુંદર કામગીરી બદલ રાજીપો વ્યક્ત કરી સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. લગભગ રાત્રે ૯.૦૦ કલાકે રાષ્ટ્રગીત ગાનથી પૂર્ણ થયેલ મીટિંગ બાદ સૌ ભોજન પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

સંકલન : શશીકાંત કાનાણી, જગદીશ મજીઠીયા, હિરેન પલણ

## રાજકોટ

શ્રી રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર દ્વારા ડૉ. સુનીલભાઈ પોપટ (સઈઝજી ગેસ્ટ્રોસર્જન, નિધિ હોસ્પિટલ, અમદાવાદ)ના આર્થિક સહયોગથી રવિવાર તા. ૧૮ જૂનના રોજ રાજકોટમાં મેગા, નિઃશુલ્ક, રઘુવંશી ડોક્ટર્સ યુવક-યુવતીઓ માટે જ શ્રી રઘુવંશી ડોક્ટર્સ પસંદગી સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સમગ્ર વિશ્વમાંથી ૧૫૦ લગ્નોત્સુક રઘુવંશી ડોક્ટર્સ ભાગ લેશે. રઘુવંશી સમાજના વરિષ્ઠ સમાજ સેવક શ્રી મનુભાઈ વીરાણી દ્વારા ૧૭ વર્ષથી લોહાણા સમાજના લગ્નોત્સુક યુવક, યુવતીઓ માટે નિઃશુલ્ક "રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર" ચલાવવામાં આવે છે. હાલમાં દર રવિવારે અને બુધવારે સાંજે ૬.૦૦ થી ૮.૩૦ દરમિયાન યોગેશભાઈ પૂજારા (પ્રમુખ, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના કાર્યાલય, અક્ષરમાર્ગ, શિલ્પા જ્વેલર્સની સામે, રાજકોટ), નિઃશુલ્ક રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર ચાલી રહ્યું છે, પાત્રોની વિગત સૌને મળી રહી છે. યુવક-યુવતીઓ 'લગ્ન પહેલાં થેલેસેમિયા ટેસ્ટ' અચૂક કરાવે અને તેના થકી આગામી વર્ષોમાં 'થેલેસેમિયા મુક્ત રઘુવંશ, થેલેસેમિયા મુક્ત સમાજ' બને તથા કુમળા ફૂલ જેવા બાળકો મોતના મુખમાં જતા અટકે તેવા ઉમદા, પવિત્ર આશયથી હવેથી થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હોય તેને જ નિઃશુલ્ક શ્રી રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્રમાં પ્રવેશ અપાઈ રહ્યો છે. વેવિશાળ માહિતી માર્ગદર્શન અપાઈ છે. આ નિયમનું અત્યંત કડક અમલીકરણ કરાઈ રહ્યું છે.

સંકલન : મનુભાઈ મિરાણી

## વડોદરા

શ્રી રઘુવંશી વરિષ્ઠ નાગરિક નવચેતના કેન્દ્ર, શ્રી રઘુવંશી લોહાણા મહાજન, વડોદરા દ્વારા તાજેતરમાં અમોએ "કાંઈ ના કહેવું.... ને મોજમાં રહેવું"નો હાસ્યસભર કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં વક્તા શ્રી ડૉ. રાજેન્દ્રભાઈ હાથી અને તેમના સાથીદાર અવનીબેન વ્યાસ તથા અન્યો સાથે રવિવાર તા. ૧૪-૫-૨૦૧૭ના રોજ રજૂ કરેલ, જેમાં વડીલોએ ખૂબ મોટા પાયે ભાગ લીધો હતો.

સંકલન : રમણીકભાઈ જોબનપુત્રા

## હળવદ

શ્રી સમસ્ત લોહાણા મહાજન, શ્રી રઘુવંશી યુવક મંડળ તથા શ્રી રઘુવંશી મહિલા મંડળ હળવદ દ્વારા તા. ૨૬ મે, ૨૦૧૭થી તા. ૧ જૂન ૨૦૧૭ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું ભવ્યાતિભવ્ય રીતે આયોજન થયું. વ્યાસપીઠ પરથી શ્રી હિરેનભાઈ કે. ભટ્ટ દ્વારા સંગીતમય સુરાવલિ સાથે તમામ ભક્તોને ભાગવતનું રસપાન કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં દાતાશ્રીઓનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો આ પ્રસંગે સંતશ્રી ભાણસાહેબ સમાધિસ્થાન કમીજલાના મહંત શ્રી જાનકીદાસબાપુ તેમજ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદથી મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, પર્યાવરણ સમિતિના અધ્યક્ષશ્રી કિરીટભાઈ ભીમાણી તથા પર્યાવરણ સમિતિના સૌરાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી શૈલેષભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.

## દ્વારકા

પૂજ્ય શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટના સહયોગથી શ્રી રઘુવંશી સોશ્યલ ગ્રૂપ, જલારામ મંદિર - દ્વારકા, શ્રી જલારામ સેવા સમિતિ - દ્વારકા, માતુશ્રી મોંઘીબેન હ.વિ.ગો.મે.ચે.ટ્રસ્ટ - દ્વારકા શ્રી લોહાણા મહાજન - દ્વારકાના સંયુક્ત ઉપક્રમે યોજેલ નિઃશુલ્ક નેત્રયજ્ઞમાં કુલ ૧૫૯ દર્દીઓને ડૉ. સોલંકી સાહેબ તથા તેમની ટીમ દ્વારા તપાસી નિદાન કરવામાં આવેલ તેમજ દવાઓનું વિતરણ કરેલ તે પૈકી ૪૩ દર્દીઓને મોતીયાના ઓપરેશનની જરૂરિયાત હોતા કેમ્પના દિવસે જ રાજકોટ રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલ, રાજકોટ લઈ જઈ નિઃશુલ્ક ઓપરેશન કરાવી નેત્રમણી બેસાડી ટ્રીટમેન્ટ કરી પરત દ્વારકા લાવેલ, દર્દીઓને લાવવા-લઈ જવા, રહેવા - જમવાની સુવિધા પણ વિનામૂલ્યે પ્રદાન કરેલ.

સંકલન : અશ્વિનભાઈ ગોકાણી

## દ્વારકા

શ્રી જલારામ મંદિર - દ્વારકા દ્વારા તા. ૩૦-૫-૨૦૧૭ના રોજ કુલ ૨૦૮મા લગ્ન સંપન્ન થયેલ છે. આ પ્રસંગે સંસ્થાના સૌ ટ્રસ્ટી મંડળ વતી શ્રી કે. જી. હિન્ડોચા (પ્રમુખશ્રી), શ્રી નટુભાઈ રૂપારેલીયા, શ્રી અશ્વિનભાઈ ગોકાણી, શ્રી દીલીપભાઈ દતાણી, શ્રી અનિલભાઈ માવાણી દ્વારા દાતાઓ તરફથી મળેલ સહયોગ બદલ ખુબ આભાર વ્યક્ત કરેલ. દાતાઓમાં શ્રી રામજીભાઈ થોભાણી દ્વારકા દ્વારા ૩૪ લગ્નોનો ખર્ચ માતુશ્રી મોંઘીબેન હરીદાસ વિઠઅઠલદાસ ગોકાણી મેમોરીયલ ચેરીટેબલ ટ્રસ્ટ - દ્વારકા, સેક્રેટરી શ્રી આનંદભાઈ ગોવાણી દ્વારા ૧૦૧ થી ૨૦૦ લગ્નમાં કોઈ યજમાન ન હોય ત્યારે યજમાન થવાની સેવા આપેલ અને સોનામાં સુગંધ ભળે તેમ એલ.આર. ગ્રુપ - દ્વારકાના દીનેશભાઈ (મુનાભાઈ) પાબારી દ્વારા ૨૦૧થી ૪૦૦ લગ્ન સુધીના લગ્નમાં કોઈ યજમાન ન હોય ત્યારે યજમાન બનીને લગ્નનો ખર્ચ આપવાની જાહેરાત કરેલ. તે બદલ સંસ્થાના સર્વે ટ્રસ્ટીઓ દ્વારા દાતાઓનો જાહેર આભાર વ્યક્ત કરેલ છે. ૨૦૮મા લગ્નના યજમાન તરીકે પ્રેમમંગલ પરિવાર હસ્તે શ્રી સુરેશભાઈ ધોકાઈ - ઓખા રહેલ હતા.

સંકલન : અશ્વિનભાઈ ગોકાણી

## કલકત્તા

રઘુવંશી ફોરમ અને રઘુવંશી ફોરમ યુથ વિંગના સંયુક્ત ઉપક્રમે તા.૧૪-૫-૨૦૧૭ ને રવિવારના રોજ રઘુવંશી પ્રિમિયર લિગ (આરપીએલ-૧૭) ઈન્ડોર ક્રિકેટ ટુર્નામેન્ટ, સ્પ્રિંગ ફિલ્ડ, સ્પ્રિંગ ક્લબ, ૫, જે. બી. એસ. હલ્ડેન એવેન્યુ, (ફોર્મરલી ઈ.એમ. બાયપાસ) કલકત્તા ખાતે યોજેલ. આ પ્રિમિયર લિગમાં કુલ ૧૨ ટીમોએ ભાગ લીધેલ જેમાં ૮ પુરુષ ટીમ, ૨ મહિલા ટીમ અને ૨ કિડ્સ ટીમ હતી. દરેક મેચ ૫ ઓવર્સની હતી અને દરેક ટીમના ૧૦ પ્લેયર્સ હતા. કુલ નવ મેચો રમાઈ હતી.કાર્યક્રમની શરૂઆત સવારે ૧૦.૩૦ વાગ્યે રઘુવંશી ફોરમના સ્થાપકો શ્રી રવિન્દ્રભાઈ વાધાણી, શ્રી હિરાલાલભાઈ - સુશ્રી જ્યોતિબેન રાજા, શ્રી પુરૂષોત્તમભાઈ - સુશ્રી કોકિલાબેન પારેખ, શ્રી રાજેશભાઈ - સુશ્રી સારિકાબેન સરૈયા, શ્રી કિશોરભાઈ દત્તાણી, શ્રી દીપકભાઈ કોટેચા, શ્રી મિનેશભાઈ ઠકરાર, શ્રી સંજયભાઈ ચંદારાણા, સુશ્રી જેનીબેન કોટક, શ્રી જયદીપભાઈ પલણ, શ્રી અમિતભાઈ પોપટ, સુશ્રી પીનાકીબેન કોટેચા, શ્રી કેવલભાઈ રાડિયા, સુશ્રી ભાવનાબેન વસંતભાઈ રાચ્છ, શ્રી કેતનભાઈ, સુશ્રી શિલ્પાબેન પોપટ, શ્રી સંજયભાઈ સુશ્રી સોનલબેન બદિયાણી, સુશ્રી કિશ્નાબેન દત્તાણી, સુશ્રી કવિતાબેન કોટેચા, સુશ્રી લીનાબેન નથવાણી, શ્રી નીતિનભાઈ નાગ્રેચા, શ્રી ભાવેશભાઈ કોટક, સુશ્રી ચાંદનીબેન નાગ્રેચા, સુશ્રી ભાવિકાબેન પોપટ, સુશ્રી વિધિ રાજા, ૧૨ ટીમોના ઓનર્સ, કેપટન્સ અને પ્લેયર્સ દ્વારા શિસ્તતા સાથે એક હરોળમાં ઊભા રહીને રાષ્ટ્રગીત તથા રઘુવંશી ગીતના સામૂહિક ગાન સાથે કરવામાં આવી હતી. આરપીએલના સમસ્ત ઈનામો રોહિત જ્વેલર્સ પ્રા.લિ.ના રોહિતભાઈ કટારિયાએ સ્પોન્સર કર્યા હતા, જે બદલ રઘુવંશી ફોરમના પ્રમુખે રોહિતભાઈ કટારિયાનું સ્મૃતિચિન્હ આપીને બહુમાન કર્યુ હતું. આશરે ૩૨૫ સભ્યોની હાજરીમાં સફળતાપૂર્વક આયોજન કરવા બદલ રઘુવંશી ફોરમ તથા રઘુવંશી ફોરમ યુથ વિંગ ટીમનો આભાર માનવામાં આવ્યો હતો.

## માંડવી (કચ્છ)

શ્રી લોહાણા યુવક મંડળના ઉપક્રમે શ્રી માંડવી લોહાણા મહાજનના સાનિધ્યમાં શ્રી લોહાણા મહાપરિષદના કચ્છના વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે. સી. ઠક્કરના અધ્યક્ષસ્થાને રઘુવંશી સમાજના માંડવી શહેરના બાળકો અને બાલિકાઓને મફત નોટબુકનું વિતરણ શ્રી "સ્વ.ઠા.લવજીભાઈ ઉકશીભાઈ ગંધા ચેરીટેબલ ટ્રસ્ટ સામખીયારીના ટ્રસ્ટી શ્રી હરીભાઈ દયાળજી તથા શ્રી માંડવી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી હરિશભાઈ ગણાત્રા અને શ્રી માંડવી લોહાણા યુવક મંડળના પ્રમુખ શ્રી હસમુખભાઈ ઠક્કરના અતિથિવિશેષ પદે કાર્યક્રમ યોજાયેલ હતો. રઘુવંશી સર્વે જ્ઞાતિજનો માટે નોટબુક કોઈપણ જાતની શુલ્ક વિના એટલે નિઃશુલ્ક નોટબુકોનું વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મહેન્દ્રભાઈ ચોથાણી, અનિલ તન્ના, નિલેષ ઠક્કર, મૌલિક ચંદારાણા, નીહિત ભીંડે, કીરણ સોમૈયા, ચંદ્રેશ ગણાત્રા, વિશાલ ઠક્કર, પ્રવિણ પોપટ, તેજસ ભીંડે, પાર્થ ભીંડે, અને જીગર કોટક વગેરે સહયોગી રહ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં રઘુવંશી ભાઈ-બહેનો અને વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ લાભ લીધેલ અને રઘુવંશી વિદ્યાર્થીઓને મહાજનવાડી મધ્યે આવેલ યુવક મંડળની ઓફિસેથી વિતરણ વ્યવસ્થા ચાલુ છે અને માર્કશીટની કોપી રજુ કરી અને રજીસ્ટરમાં સહી કરી અને આ નોટબુકોનું વિતરણ રોજ કરવામાં આવે છે. આભારવિધિ નિલેષભાઈ ઠક્કરે કરેલ.

# સરકારશ્રીની વિવિધ યોજનાઓ



સમાજના તમામ પરિવારો સુખી-સંપન્ન અને સમૃધ્ધ બને અને જીવનધોરણનું સ્તર ઉત્તરોત્તર સમૃધ્ધ બને તે માટે જરૂરિયાતમંદ પરિવારોને સમાજશ્રેષ્ઠીઓના સંપર્કો, દાતાશ્રીઓના દાનની સરવાણી અને બુધ્ધિજીવીઓના માર્ગદર્શન અને સંકલન દ્વારા સમાજના પરિવારોને લાભાન્વિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે. આપણા સમાજમાં જાગૃતિના અભાવે સરકારશ્રીની કેટલીય સુંદર યોજનાઓનો લાભ આપણે લઈ શકતા નથી. સરકારશ્રીઓની યોજનાઓ વિશે જરૂરી માહિતી તેના સુનિશ્ચિત ફોર્મ તથા તેની કાર્યપધ્ધતિ વિશે સમાજના સેવાભાવી અને જાગૃત સભ્યો માહિતી મેળવી જરૂરિયાતમંદ પરિવારો સુધી આ યોજનાનો લાભ પહોંચાડવા માટે મહાજનશ્રીના હોદ્દેદારો તથા સમાજના જાગૃત અને સેવાભાવી સભ્યો સેતુરૂપ બને તે અપેક્ષિત છે. મહાજનશ્રીના માર્ગદર્શનમાં સંસ્થાની યુવા પાંખ, મહિલા પાંખ કે અન્ય રીતે પોતપોતાના વિસ્તારમાં નીચે મુજબની પ્રસ્તુત અને તે સિવાયની અન્ય પણ યોજનાઓનો લાભ આસપાસના પરિવારોને મળે અને દરેક મહાજન કે સંસ્થા જવાબદારી સ્વીકારી અને કાર્ય કરે તો એક સાથે હજારો પરિવારોને ખૂબ મોટી રાહત મળી શકે. ત્રણ થી ચાર અગત્યની યોજનાઓની માહિતી નીચે મુજબ છે.

આ યોજનાના જરૂરી ફોર્મ પણ માતૃસંસ્થાની વેબસાઈટ **www.lohanamahaparishad.org** પર ઉપલબ્ધ છે. આ માટે વધુ માહિતી માટે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ સરકારી યોજનાઓના કન્વીનર તરીકે શ્રી ધવલભાઈ આચાર્ય (યુવા અધ્યક્ષ - શ્રી લોહાણા મહાપરિષદ, ગુજરાત વિભાગ)નો પણ સંપર્ક કરી શકાશે.

નીચે મુજબની યોજનાઓનો વિગતે અભ્યાસ કરી તમામ સમાજશ્રેષ્ઠીઓ તથા મહાજનશ્રીના હોદ્દેદારોને જરૂરિયાતમંદ પરિવારો સુધી આ યોજનાને પહોંચાડવા નમ્ર અપીલ.

(૧) ગુજરાત રાજય - સમાજ સુરક્ષા વિભાગ દ્વારા - નિરાધાર વૃધ્ધો અને નિરાધાર અપંગોને આર્થિક સહાયની યોજના

(૨) ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના "વય વંદના" - સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

(૩) કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સરકારશ્રીની યુવા સ્વાવલંબન યોજના

(૪) વિધવા સહાય યોજના

ઉપરોક્ત તમામ યોજનાઓના ફોર્મ માતૃસંસ્થાની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.











નવીન નજરાણું..........સ્વર્ણિમ સોપાન



# આર. સી. ટી. ભાગવત અતિથિ ભવન



અમદાવાદમાં એસ.જી. હાઈવે ખાતે નવીનીકરણ પામેલા આરસીટી ભાગવતમાં કલકત્તા મુકામે યોજાયેલી મધ્યસ્થ મહાસમિતિની મીટીંગમાં જાહેર થયેલ રૂા. ૧,૫૧,૦૦,૦૦૦/- ધનરાશિ બદલ શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી સતીષભાઈ વિઠલાણીએ આ અંગે શુભેચ્છા મુલાકાત લીધી હતી અને ભવિષ્યમાં બંને ટ્રસ્ટ વચ્ચે સુસંકલન રહે તે માટે શ્રી પી.કે. લહેરીની ઉપસ્થિતિમાં લગભગ એકાદ કલાક સુધી માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પર અત્યંત સફળતાપૂર્વક મીટિંગ યોજાઈ હતી અને શ્રી સતીષભાઈ વિઠલાણીએ સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો હતો.

# શૈક્ષણિક સ્કોલરશિપ - ૨૦૧૭



દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વ. રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ફાઉન્ડેશન અંતર્ગત ધો.૫ થી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ યોજનાનું ફોર્મ શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટ **www.lohanamahaparishad.org** પર હોમપેજ પર મૂકવામાં આવેલ છે. આ સહાય જરૂરી પરિવારો સુધી પહોંચે તે માટે ફક્ત સરકારી, ગ્રાન્ટેડ (જે સંસ્થાના શિક્ષકો / અધ્યાપકોના પગાર સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવતા હોય)ના જ વિદ્યાર્થીઓની અરજીઓની ખરાઈ કરી આવા ફોર્મ મહાજનશ્રી કે સ્થાપિત સંસ્થાની ભલામણથી તા. ૩૦ જૂન સુધીમાં અમદાવાદ ખાતેના મધ્યસ્થ કાર્યાલય પર પહોંચાડવા વિનંતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતમાં ઉચ્ચ અભ્યાસ માટે પસંદગી પામતા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા દર માસે આવી અરજીઓ માટે વિદ્યાર્થીઓને માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પર આમંત્રિત કરી તેની જરૂરિયાત અંગેની સત્યતાની ખરાઈ કરી રૂા. ૫૦,૦૦૦/- સુધીની મર્યાદામાં આવી સહાય ત્વરિત આપવામાં આવે છે. માતૃસંસ્થાના આ સેવાયજ્ઞમાં શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી કે. સી. ઠક્કર , શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી મહેન્દ્રભાઈ વેલાણી જેવા સમાજશ્રેષ્ઠીઓ તથા રઘુકુળ શિક્ષણનિધિ તેમજ શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, મુંબઈનો ખૂબ સુંદર સાથ સહકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ગત વર્ષમાં લગભગ ૧૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓને રૂા. ૨૫,૦૦૦ થી રૂા. ૫૦,૦૦૦ સુધીની સહાય ચૂકવવામાં આવેલ છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે દાતાશ્રીઓ દ્વારા મળતા દાનની સરવાણીનો સંપૂર્ણ સદ્ઉપયોગ થાય અને આ લક્ષ્મી જે તે ઉદ્દેશ માટે જ વપરાય તે માટે મધ્યસ્થ કાર્યાલયની ટીમ સંપૂર્ણપણે કટિબધ્ધ છે.

**- શશીકાંતભાઈ કાનાણી**
**કન્વીનર, સ્કોલરશિપ**

**RNI NO. : GUJ/GUJ/2011/44815**

'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'

Date of Publication : 5th June 2017

જય જલારામ

Establised in 1980

Trusted Name Since Last 37 Years

Rasikbhai Akhani 98250 38208
Dipak Thakkar 98250 17708
Sunil Thakkar 98250 41308

KB®

Kutch Banaskantha Roadways

Transport Contractor & Commission Agent

(O) 25713008, 25714008, 25716008, 25715555
Fax : (079) 26406008
Mobile : 98250 51208, 98250 61208

Specialist For : Cotton Bales & All Goods

કચ્છ બનાસકાંઠા રોડવેઝ

Branch Office

| | | | |
|---|---|---|---|
| Chhatral | Kadi | Gandhidham | Surendranagar |
| Mandal | Himmatnagar | Bhavnagar | Rajkot |
| Sarkhej | Mundra | Pipavav | Gondal |

Sister Concern
- Dipak Roadways
- Sunil Transfreight Carriers
- Niti Roadways
- Neel Roadways

5, First Floor, Amarjyot Estate,Opp. Hotel Ever Green, Narol Cross Road, Ahmedabad
E-mail: info@kutchbanskantha.com, sunil@kutchbanskantha.com, Web :www.kutchbanskantha.com

THE WORLD TRADE™ tours & travels

USA Visa Specialist
DUBAI, U.K., NEW ZEALAND, CANADA, SCHENGEN, CHINA, MALAYSIA, AUSTRALIA, SINGAPORE, THAILAND, OMAN, QATAR, BAHRAIN,
VISA
All Country Visitor Visa (With Minimum Service Charge)

Our Services
TAXI · Cruise · Forex · HOTELS · Package

Mo : 9925223908 | Email Id : info@worldtradetours.com | Web : www.worldtradetours.com
INDIA : +91 79 26463010 / 11 / 12 DUBAI : + 9714 3532344 Toll Free - 1800 121 0030

KB WORLD
TOURS AND FOREX PVT. LTD.
R.B.I. Approved Full Fledged Money Changer
WE EXCHANGE YOUR FOREIGN CURRENCIES SAFELY

Our Services:
- Buy / Sell All Foreign Currencies
- Traveller's Cheques
- Travel Currency Card
- International Money Transfer
- Telegraphic / Wire Transfer

Other Services
- We accept "Inward Remittance" from across the world and pay the Indian Rupees immediately
- Also we provide service of demand draft and wire transferas per RBI Guidelines
- We exchange indian Rupees immediately for NRI Customer
- We part information to the customer on foreign Exchange.

WESTERN UNION · MoneyGram Money Transfer

Yash Thakkar (M) : (+91) 98250 84097 Viral Thakkar (M) : (+91) 98250 17308

kbworldtoursandforex@gmail.com, yash@kbworldtrade.com

DIGITAL WEB SOLUTION

Our Services
- Website Development
- Digital Marketing
- Bulk SMS
- Bulk Email
- Web Hosting

SMS MARKETING

Need a Website ?
We Can build if for you..!!!
- Affordable price
- Custom Design
- Professional Website
- SEO Friendly Web Design
- Attractive

Let Us Design Your Website
Call Now : +91 75 75 00 49 03

www. dgweb.in +91 7575004903 info@dgweb.in

331-334, Iscon Arcade, Opp. Pariseema Complex, C.G. Road, Ellisbridge, Ahmedabad, Gujarat- 380009

If Undelivered return to:

**President, Printer and Publisher : Pravin Kotak, Editor : Chandrakant Tanna**

**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380054 (Ph.) 079-40091005

**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)